कर भला होगा भला
- છગનભા



વર્ષ : 1 ✦ અંક : 5
સપ્ટે.-ઑક્ટો., 2011

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

"હું મને સત્યનો પૂજારી તો માનું જ છું, અને તે મારાથી અજાણપણે થઈ જતા બધા દોષો છતાં. હું તો સત્યનો માત્ર નમ્ર શોધક હોવાનો જ દાવો કરું છું. હું ભૂલો કરું છું અને એ ભૂલો કબૂલ કરતાં અચકાતો નથી. ભલે મારા જેવા અનેકોનો ક્ષય થાઓ, પણ સત્યનો જય થાઓ. મારું જીવન એકરૂપ છે, અખંડ છે અને મારી બધી પ્રવૃત્તિઓ એકબીજા જોડે સંકળાયેલી છે. અને એ બધાંનો ઉદ્ભવ મારા અખૂટ માનવપ્રેમમાંથી થયેલો છે. સતત કામ વચ્ચે મારું જીવન પૂરેપૂરું આનંદમય રહે છે. આવતી કાલ કેવી ઊગશે તેનો વિચાર કરવાનો ન હોવાથી પંખીના જેવી મુક્તિ હું અનુભવું છું."

- ગાંધીજી

✳

"Gandhi was Gandhi. He had reached the level of self actualization. He lived a complete life, maximized all his potential, and followed his inner voice honestly and truthfully. Having reached that level of self actualization, Gandhi reached the peak by practicing what he preached. It is this experience that makes Gandhi's principles so universal and so amazingly adaptable to the changing needs of the times."

- Raghunath Mashelkar

✳

ગાંધીનું જીવન એટલે શ્રદ્ધા અને પુરુષાર્થનું મહાકાવ્ય. જેટલી શ્રદ્ધા ઊંડી તેટલો પુરુષાર્થ દૃઢ. મૂળ શ્રદ્ધા સત્ય વિશે. એને જ તેમણે ઈશ્વર વિશેની શ્રદ્ધાનું સૌથી અમોઘ ને સૌથી અકાટ્ય સ્વરૂપ માન્યું... ગાંધીના પુરુષાર્થમાં નિષ્ઠા અને કાર્યક્ષમતા બંનેનો સમન્વય હતો. કાર્યક્ષમતા વિનાની નિષ્ઠા લૂલી હોય છે અને નિષ્ઠા વગરની કાર્યક્ષમતા આંધળી હોય છે.

- નારાયણ દેસાઈ



## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
## આયોજિત યુવક મહોત્સવનાં દૃશ્યો




અધ્યક્ષીય ઉદ્‌બોધન : શ્રી વલ્લભભાઈ પટેલ




સ્વાગત પ્રવચન : ડૉ. વીણાબહેન પટેલ




મંચસ્થ મહાનુભાવો





માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૧, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૧

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## અનુક્રમ


૧. સંપાદકીય ૧

૨. સંસ્થા પરિચય

– Sarva Vidyalaya Kelavani Mandal ૪

૩. મહાત્મા ગાંધી વિશેનાં કાવ્યો ૯

૪. ગાંધીમાર્ગ એટલે માણસને ચઢેલો... ૧૧

૫. Reflections on the Private Uni. ૧૪

૬. અસરકારક અમલીકરણ વિનાનું... ૧૯

૭. શિક્ષણ : સિક્કાની બીજી બાજુ ૨૩

૮. સ્વાવલંબન : છાત્રાલયનો શ્વાસ ૨૬

૯. ભગવદ્‌ગીતામાં સફળ જીવવાની... ૨૮

૧૦. ગ્રંથસૌરભ

– Timeless Inspirator ૩૦

– An Anthology of Gujarati... ૩૫

૧૧. સંસ્થા-વૃત્ત

– યુનિવર્સિટી/કૉલેજ વિભાગ ૩૯

– શાળા વિભાગ ૪૬


પત્રવ્યવહારનું સરનામું

**મણિભાઈ પ્રજાપતિ**

ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

તા. ૨ ઑક્ટોબર, ૨૦૧૧ના રોજ કૃતજ્ઞ રાષ્ટ્રે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૨મી વર્ષગાંઠની ઉજવણી રાજઘાટ, કીર્તિમંદિર, ગાંધીકેન્દ્રો કે અન્ય સ્થળોએ સર્વધર્મ પ્રાર્થના વગેરે કાર્યક્રમોના માધ્યમથી કરી. આ ઉજવણીમાં હૃદયનું તાદાત્મ્ય કેટલું અને કર્મકાંડ કેટલો ? કવિ-ચિંતક ઉમાશંકરે ગાયું છે :

માર્ગમાં કંટક પડ્યા,
સૌને નડ્યા;
બાજુ મૂક્યા ઊંચકી,
તે દી નકી

જન્મ ગાંધીબાપુનો
સત્યના અમોઘ મોંઘા જાદુનો.

જ્યારે કવિ કરસનદાસ માણેક તો રોકડું પરખાવતાં કહે છે :

ડગલે ડગલે એનું ખૂન કરી
એને પૂજવા પુષ્પથી કાં નીસરો !
એની જન્મજયંતી તો ત્યારે થશે,
જ્યારે પ્રેમની બીન જગે બજશે,
જ્યારે બ્રહ્મના એકશા મુક્ત આકાશમાં
મુક્ત ધરા દિવ્યતા સર્જશે.

પરંતુ આપણે તો આ આર્ષવાણી ક્યાં સાંભળવા કે અનુસરવા ટેવાયેલા છીએ ? આ ઋણસ્વીકાર કે શ્રાદ્ધતર્પણના દિને આપણે ખરેખર પૂ. બાપુનું સાચું તર્પણ કરીએ છીએ ખરા ! આજના યુગમાં ફૂલીફાલી રહેલા ભ્રષ્ટાચાર, આતંકવાદ, સત્તા અને યુદ્ધનો ઉન્માદ, સ્વાર્થ લોલુપતા, આડંબરતા, સામાજિકતાના સ્થાને પનપતી વૈયક્તિકતા, આર્થિક નાકાબંધી કે કોઈની સ્વયં બની બેઠેલી વર્લ્ડ પોલીસની ભૂમિકા, સાધનશુદ્ધિનો અભાવ વગેરેને ધ્યાને લેતાં આ બધી બાબતોને અટકાવવા માટે આજે ગાંધીજીની પ્રસ્તુતતા અનેકઘણી વધી જાય છે. તાજેતરમાં લિબિયા, ઇજિપ્ત વગેરેમાં હજારોનાં ખૂન રેડાયાં તે ગાંધીમાર્ગે અટકાવી શકાયાં હોત ! ગાંધીજીએ તેમના આદર્શો અને સિદ્ધાંતો થકી આપણને માત્ર રાજકીય આઝાદી જ અપાવી નથી. પરંતુ, વસુધૈવ કુટુંબકમની ભાવના સાકાર કરવા માટે માનવતાના પાઠ પણ શીખવ્યા છે, જે શાશ્વત મૂલ્ય ધરાવે છે. અર્થાત્ તેમનો જીવન સંદેશ સ્થળ અને કાળની મર્યાદાની પર છે. આ બાબત જ ગાંધીજીની પ્રસ્તુતતા સિદ્ધ કરે છે.

આજનો યુવાવર્ગ મહાત્મા ગાંધીને ખરા અર્થમાં સમજે અને અનુસરે તે ખૂબ જ જરૂરી બની રહે છે. શાળા-કૉલેજો-યુનિવર્સિટીઓ અને ગ્રંથાલયોએ ગાંધી આદર્શો અને મૂલ્યોના સંવર્ધન માટે ધ્યેયનિષ્ઠ પ્રયાસો હાથ ધરવાની જરૂરિયાત બની રહે છે. ગાંધી જયંતીના દિને ભાગ્યે જ શૈક્ષણિક સંસ્થાઓમાં તેની સાર્થક ઉજવણી કરવામાં આવતી હશે. અન્ય જાહેર રજાઓની જેમ આ દિનને પણ જાહેર રજા તરીકે પાળવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય કે સામાજિક-ધાર્મિક દિને જાહેર રજાઓ રાખવા પાછળના મૂળભૂત હેતુઓનો સદંતર છેદ ઉડાડી દેવામાં આવ્યો છે. હકીકતમાં આ પર્વની ઉજવણી નિમિત્તે પ્રત્યેક શાળા-કૉલેજ-યુનિવર્સિટીમાં ગાંધી જીવનદર્શન સંબંધી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓનું ફરજિયાતપણે આયોજન કરાવવું જોઈએ. આ દિનની જાહેર રજાની વિભાવના જ બદલી નાખવાની જરૂર છે.

ગાંધી સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર અર્થે ગાંધીજીવનદર્શનના હિમાયતી શ્રી નારાયણભાઈ દેસાઈના ગાંધીકથાના પ્રયોગો ધ્યાનાર્હ બની રહે છે. શ્રી નારાયણભાઈએ દેશ-વિદેશમાં પ્રાયઃ ૧૦૦ જેટલી ગાંધીકથાઓ કરીને ગાંધીઆદર્શો ઉજાગર કરીને માનવસમાજની મોટી સેવા કરી છે અને કરી રહ્યા છે. લોકક્રાંતિનું આ એક આવકાર્ય અને શ્લાઘનીય કાર્ય છે. પૂ. બાપુએ શ્રી નારાયણભાઈ દેસાઈને 'અનાસક્તિયોગ'ની નકલ ભેટ આપી ત્યારે એમાં એમણે એક વાક્ય લખ્યું હતું કે 'તારે વિશે જે આશાઓ રાખી છે તે પૂરી કરજે' ! તે તો તેઓશ્રી ખરા અર્થમાં પૂર્ણ ઔચિત્ય સાથે નિભાવી રહ્યા છે. પરંતુ આ શીખ આપણ સૌને લાગુ પડે છે. આપણે તો તેમને વિસારી દીધા છે !

આજે આપણે બાપુને ગાંધીમંદિરો કે જાહેર સ્થળો, બાગ-બગીચાઓ અને ગાંધી સ્મારકોમાં પૂજાનો પથ્થર બનાવીને સ્થિર કરી દીધા છે. શરમની વાત તો એ છે કે ગાંધીનાં આ બાવલાં ધૂળ, પંખીઓની વિષ્ટા વગેરેથી અશોભનીય સ્થિતિમાં રહેતાં હોવા છતાં તેની સફાઈની કોઈ દરકાર કરવામાં આવતી નથી, સિવાય કે કોઈ ખાસ પ્રસંગે.... આ સ્થળોને દંભી પ્રતિજ્ઞાઓ અને ગાંધીના નામે પ્રાયઃ અ-સત્યાગ્રહ આરંભનાં કેન્દ્રો બનાવી દીધાં છે. સંભવ છે કે ગાંધીના નામે

પ્રતિજ્ઞા લેનારાઓએ 'આત્મકથા' કે 'મંગળ પ્રભાત'નું ક્યારેય દર્શન પણ કર્યું ન હોય ! કે તેમને ગાંધી આદર્શો સાથે કોઈ નિસબત પણ ન હોય, છતાંય ખાદી અને ગાંધીના નામે સત્તાપ્રાપ્તિ માટે પ્રયાસરત રહેતા હોય છે અને સત્તા મેળવવામાં સફળ પણ થતા હોય છે. આવા જ માણસો ગાંધીમૂલ્યોનો છડે ચોક હ્રાસ ઉડાડતાં સોસ પણ અનુભવતા નથી. આ વિચાર સંબંધી શ્રી નારાયણભાઈ દેસાઈએ 'મારું જીવન એ જ મારી વાણી' (પૃ. ૪૬૮)માં એક પ્રસંગ નોંધ્યો છે જે દૃષ્ટવ્ય બની રહે છે. ગાંધીજીના આકસ્મિક નિધનના સમાચાર સાંભળીને સુશીલાબહેન દિલ્હી આવી રહ્યાં હતાં ત્યારે વિમાનમાં એમની સાથે પાકિસ્તાનના મિયાં ઈફ્તિખારુદ્દીન હતા, જે ગાંધીજીનાં અંતિમ દર્શન કરવાને દિલ્હી જઈ રહ્યા હતા. તેમણે સુશીલાબહેનને કહ્યું : 'મારી વહાલી બહેન, પિસ્તોલમાંથી ગોળી છોડનાર બાપુનો ખૂની નથી. કોઈ પણ સમયે તેમના શબ્દોમાં અવિશ્વાસ રાખનાર તથા દિલમાં હિંસા અને કોમવાદની લાગણી રાખનાર આપણે સૌ તેમના ખૂન માટે જવાબદાર છીએ.' ગાંધીજનની આ વાત ક્યારે આપણા ગળે ઊતરશે ? બાપુ, આપના દ્વારા પ્રદત્ત ટ્રસ્ટીશીપના સિદ્ધાંતના ઓઠા હેઠળ સ્થપાયેલા ગાંધી આશ્રમો, સંસ્થાઓ વગેરે આજે લોકશાહીના આંચળા નીચે પ્રાયઃ વંશવારસાગત માલિકીનાં કેન્દ્રો બની ગયાં છે. આ ઉપરાંત એક યા બીજાં કારણોસર આ આશ્રમો કે આશ્રમ સંસ્થાઓ દિનપ્રતિદિન નિસ્તેજ થતી જાય છે.

કોઈના મનમાં પ્રશ્ન પેદા થાય કે ગાંધીજીનાં ૧૧ વ્રતો અને અન્ય આદર્શો – સિદ્ધાંતો વિવિધ ધર્મગ્રંથોમાં એક યા બીજા સ્વરૂપે વર્ણિત છે જ, તેથી તેમાં નવું શું છે ? જો કે ધર્મગ્રંથોમાં સંનિહિત આ બધી બાબતો તત્ત્વચિંતનના બોજથી લદાયેલી હોઈ સુપથ્યકારક કેટલી ? હા, ગાંધીજી પણ કહે છે કે મારે આ દુનિયાને કશું જ નવું આપવાનું નથી. આમ છતાં ગાંધીજીના આ નમ્રતાપૂર્ણ વિધાનને આપણે કઈ રીતે સ્વીકારી શકીએ ? કારણ કે ગાંધીજીનાં વ્રતો, આદર્શો કે સિદ્ધાંતો જાતઅનુભવની તાવણીમાંથી તવાઈને પરિશુદ્ધ થઈને નવો અવતાર પામેલાં છે. પોતાનો એક એક શબ્દ આચરણ કર્યા પછી ઉચ્ચારાયેલો છે એટલે જ તેનું મૂલ્ય અનેક ગણું વધી જાય છે અને તેથી જ ગાંધીજી હિંમતભેર કહી શકે છે કે 'મારું જીવન એ જ મારી વાણી.' સત્યના ઉપાસક ગાંધીજી જ આવું વિધાન કરી શકે, કારણ કે તેમણે અંગત, સામાજિક કે રાજકીય જીવનમાં હંમેશાં સત્યનો જ પક્ષ લીધો છે. સત્ય સાથે તેમણે કદાપિ બાંધછોડ કરી નથી. સત્ય એ ગાંધીજીના જીવન-ચિંતનનું આધારબિંદુ છે અને એમના જીવન-ચિંતનની સાધ્યરેખા છે. તેઓશ્રી કહેતા કે 'મારે તો સત્યને માટે જીવવું અને સત્યને માટે મરવું છે.' તેમણે સત્યને ઈશ્વરનો પર્યાય માની લીધો હતો. આ સત્યની આરાધનાના અને પોતાની ભૂલોનો પણ જગજાહેર સ્વીકાર કરે છે અને પોતાની જાતનું સતત આત્મમંથન અને પુનર્નિરીક્ષણ કરતા રહ્યા છે. પરિણામે પોતાના કટ્ટર વિરોધીઓ પણ તેમના સમર્થકો બની બેઠા હતા, જેનાં અઢળક ઉદાહરણો આપણી નજર સમક્ષ છે જ. આ છે ગાંધીજી. જ્યાં સુધી માનવસમાજ છે ત્યાં સુધી પ્રસ્તુત બની રહેશે.

– મણિભાઈ પ્રજાપતિ

# સંસ્થા પરિચય

## The Educational Galaxy of Sarva Vidyalaya Kelavani Mandal

**- Mohanlal Patel**

Today more than 48000 students are on roll in the galaxy of educational institutions spread over more than 165 acres of land in various complexes at Kadi (North Gujarat) and Gandhinagar. These institutions are managed by Sarva Vidyalaya Kelavani Mandal, Kadi and its branch at Gandhinagar.

More than nine decades ago the beginning of the marathon march to these institutions was a unique dramatic irony. The founder of the first institution of the said galaxy Shri Chhaganlal Pitamberdas Patel aged 56 wishing to lead a life of resignation and asceticism once went to Kashi to his spiritual *guru* Swami Keshvanand to get *diksha* of *sanyasta* (renunciation).

When Chhaganlal told Swamiji of his purpose the Swami instead of performing any rite of *diksha* advised him to go to his region and work for the welfare of the people who were badly down-trodden, illiterate and victims of many evil customs.

Swamiji gave Chhaganlal five rupees as a token for the beginning of work and said: 'Go with a will, educate people and the work will be done.'

Chhaganlal as if under some trance, could not say a word and stood still.

Swamiji said: 'Plunge and you will learn to swim. Educate your people and you will see metamorphosis; worms will be converted into colourful butterflies.'

For Chhaganlal the language was obscure but the meaning was obvious and was communicated to him easily.

Laden with that meaning and heavy responsibility Chhaganlal came home.

He was very much perplexed. His wits were muddled because he did not know the ways and means of the work which he had to do. At last a ray of hope loomed large in the horizon and he got a letter from a young man named Naginbhai who was striving hard for the cause of eradication of illiteracy from the people of north Gujarat. In his letter Naginbhai had sought Chhaganlal's help as he was a social worker.

Both of them met leading people of Kadi Prant (district), brought them into confidence and made them agree to establish an educational association. This was done on 8th June, 1919. It was named as 'Kadwa Patidar Kelavani Mandal'. It resolved to start a boarding house for students. On 22nd of March 1920 the boarding house came into existence. It was named as 'Kadwa Patidar Vidyarthi Ashram'.

It is necessary to clarify here that the Mandal was not a communal body in the extravagant sense of expression.

In its constitution a clause was included in its aims and objectives that, The Mandal has no objection if any caste or community takes advantage of any institution of this Mandal'.

The first admission to the Vidyarthi Ashram was given to a son of a blacksmith. Among many other students of other communities who were admitted to the Ashram were Vitthalbhai Mistry (in later years the Chief architect, India 1954 Exhibition, New Delhi)and H. K. Mevada (Chief Town Planner-Architect, Capital Project, Goverment of Gujarat.) Both these students were sons of carpenters.

Gandhiji would never have paid his visit (which he paid in 1929) to this institution if it was a communal today.

In 1935 the misconception was rectified with the formation of a new management with a name `Sarva Vidyalaya Kelavani Mandal.' Since then all the educational institutions have been managed by it instead of the old one.

In those days the path for torch-bearers of education in North Gujarat was untrodden, thorny and dark. People closed their door in the face of educators for the fear of their children being taken away to schools. They showed a very hostile temperament towards them. But Chhaganlal was never a man to be discouraged by that kind of attitude of the people.

In his effort Chhaganlal could seek seven students for admission to the boarding house at the initial stage.

The management which was in existence in those years started a school on the first of March, 1922.

In those days the whole nation was under a spell of Mahatma Gandhi's ideas and teachings. Why this school be an exception to it? Alongwith academic subjects vocational subjects like spinning, weaving, carpentry, printing, photography, etc. were introduced in the curriculum. It also started to make pedo-centric educational experiments like Doltan-Plan and various activities which led pupils to self-learning.

The objectives kept by the institution in view were manyfold. The pupils not only learned their syllabi in the class rooms but also went out to different villages and tried to make social reforms through activities like one-act plays, songs, speeches, dramatic monologues etc. under the guidance of their teachers. Thus the school was at occasions transformed into a community centre.

The visit of Maharaja Sayaji Rao Gaekwar, the ruler of Baroda State of this institution on 4th January, 1926 had a special significance. On the eve of his visit the officers of the state had misled him by misrepresenting the institution as revolutionary. Hence, the visit was cancelled. The Mahraja's camp was in the government rest house beside the railway station. The next mornig the Maharaja had stirred out for a morning walk on the. railway platform. He heard some prayer with musical instruments on the other side of the railway station. Instantly he could understand that the sound of the prayer was from the institution of which the visit was cancelled. He at once went to the spot and got a very warm reception. After the prayer the Maharaja went to the rooms of the students. The students were clad in khadi. He saw the books which the students read. He came to know that

the students spun cotton and wove stripes also. The Maharaja had some discussion with the workers of the institution and was very much impressed with the work done. At the end of His visit he said, 'If this institution be called revolutionary, I wish such revolutionary schools be raised in all the villages of my kingdom.'

Gandhiji's visit to this institution on twenty third day of July, 1929 can be taken as the brightest chapter in the history of this institution. Gandhiji came by Becharaji local train at 11-10 A.M., stayed at the institution up to 4.00 P.M. and departed by the same train at 4-13 P.M. During his stay at the institution Gandhiji saw all the activities of the institution with deep interest. Visited all the sections of udyoga (trades)-spinning, weaving, carpentry etc. Gandhiji delivered two lectures on the premise of Vidyarthi Ashram, one for the workers of the institution and students and the other one for the public at large. In one of his lectures he said, 'I was eager to visit this institution for the last one year. When I came to know that Chhaganbhai and his collegues are rendering their every thing in the service to this institution I had an inclination to come over here'. Both of the lectures have been published in *'Gandhiji no Akshar Deh'* volume 41. What more glorious tribute than this can be to a public institution from a Mahatma like Gandhiji ?

In the latter part of $20^{eth}$ century the number of the institutions in various educational subjects and faculties arose by leaps and bounds. In 1956 the management started Primary Teachers' Training College attached with practicing school and hostel. In 1959 with addition of technical section Sarva Vidyalaya was converted into a multipurpose high school. On 1st January, 1965 Pre Vocational Training Centre was established. It was an enterprise of fourfold agencies-Unicef, Department of Social Security of Government of India, State Government and Sarva Vidyalaya. This was a training school for dropouts of the age group of 11 to 16 years. On twenty fourth of May, 1965 Science College was started. It had science faculty only in the beginning but afterwards in 1993 Arts faculty was added.

As institutions grew in number facility of hostels was added. By 1970 there were five hostels with more than 500 students residing in them. On demand of local workers of distant towns and villages Sarva Vidyalaya Kelavani Mandal established its branches at Visnagar, Pilwai, Vadnagar and Balol (Dist. Mehsana), Shertha (Ta. Kalol) etc.

The old order had changed yielding to new one. The eradication of illiteracy was done in a great deal. Now people had awakened. They were aware with regards education, and there was a rush for science and technology.

Sarva Vidyalaya Kelavani Mandal is a dynamic body. The members of its managing committee are always ready to enrich its educational policy and introduce new curriculum with establishing various colleges and technological institutions.

Sarva Vidyalaya campus at Kadi is now teeming with different colleges, schools and institutions of technology for perusal of courses such as B.B.A., B.C.A., M.B.A., M.C.A., B.Ed. (with

Gujarati and English media), P.T.C. (with Gujarati as well as English medium), M.Sc. (Industrial Chemistry), Pre primary schools with Jr. K.G. and Sr. K.G., various long and short courses in technology.

Sarva Vidyalaya Kelavani Mandal, Gandhingar has its own history. Government of Gujarat had allotted 13 acres of land in sector-23 to Sarva Vidyalaya Kelavani Mandal for the purpose of raising educational institutions. Possession of 6.5 acres was given in 1979 with a condition to raise educational institutions within three years. After fulfillment of this condition the Mandal would get the remaining acres of land.

The Mandal left no stone unturned to comply with the condition stipulated by the government. Funds were raised from the wellwishers of the Mandal and past students of the institution. Before the end of given time a high school, a primary school, a balmandir and two hostels began working in the newly created campus at Gandhinagar.

Subsequently, possession of the remaining 6.5 acres of land was given to the Mandal and a rapid raising of new educational institutions from preprimary to college education with sufficient hostel accomodation were established.

After lapse of considerable time Sarva Vidyalaya Kelavani Mandal placed a demand for some more land before the government and 6 acres of land were granted and given to the Mandal.

Because of this gain a new complex came into existence. In this complex a Pharmacy College, a guest house and some hostels for boys were raised.

The marathon march of the Mandal was in full swing. A new demand for the establishment for land for the establishment of an engineering college was placed before the government and 40000sq. metres of land was granted. On that land in sector-15 an engineering college with research centre and a polytechnic institute were established.

Government of Gujarat extended its helping hand to the Mandal for the establishment of a college of nursing. The Mandal, considering a good chance for social service willingly accepted the proposal and started College of Nursing with hostel facility in 2008 in Sector- 12.

In 2007 Sarva Vidyalaya Kelavani Mandal had the glorious plume of a university in its crown. This university - Kadi Sarva Vishwavidyalaya -has its head quarters in sector- 15 at present.

The complexes at Gandhinagar comprise 30 educational institutions conducting pre-primary schools, primary schools, secondary and higher secondary schools, Arts and Commerce colleges, B.Ed. Colleges, P.T.C. Colleges, Pharmacy College, Engineering College, Polytechnic institute and colleges for B.com., B.B.A., B.C. A., M.B.A., M.C.A., P.G.D.C.A., I.T. etc. More over there is facility for various courses as Industrial Chemistry, Bio-chemistry, Pharmaceutical Biology etc. More over classes are run for classical Art and Hobby, Knitting and Embroidery, I.A.S. training, Photography, Video-graphy etc.

Why is Sarva Vidyalaya Kelavani Mandal so special? Some of the reasons are as under :

1. Its administration in every unit is transparent.
2. Members of the staff are recruited strictly on merit.
3. Payment of salary is done as per government scales and rules.
4. Full salaries are paid to the employees.
5. No donation against admissions to students or recruitment of the members of the staff is sought or accepted.
6. No management seats are kept by the management. They are willingly surendered to the committee for admission of professional courses.
7. 10% freeship is given to the deserving students as per the scheme sponsored by Ministry of Human Resource Development of Central Government.
8. The Management extends monetary help to the deserving students from its own funds.
9. The results of all public examinations of schools and colleges are very high.

After detailed study of Sarva Vidyalaya Kelavani Mandal one would find three phases of its long history spread over more than ninety years. And of those three phases there emerge three heroes who have navigated the gigantic vessel with able strength and vision. In the first Phase was Chhaganlal Pitamberdas Patel (Chhaganbha). In the second phase was Pursottamdas R. Patel (known as Das Kaka). And at present in the third phase is Maneklal M. Patel (the beloved 'Sahib' of the mass), the Atlas on whose shoulders is the burden of the whole world of Sarva Vidyalaya Kelavani Mandal, Kadi and Gandhinagar.

## ગાંધીની પ્રસ્તુતતા

ગાંધીવિચારની પ્રસ્તુતતાને સમજવા ખાતર સૌથી પ્રથમ તો એ સમજી લેવું પડશે કે ઇતિહાસમાં થઈ ગયેલા કોઈ પણ વિચાર કે આદર્શ આખા ને આખા એના એ જ સ્વરૂપમાં ફરી આવતા નથી અને આવવા જોઈએ પણ નહીં. દરેક એવા ચિંતક કે જેનું ચિંતન એના પછીની પેઢીઓને કામ લાગતું હોય છે, તેના ચિંતનમાં પ્રસ્તુતિ શોધવા જનારે કેટલોક વિવેક કરવો ઘટે છે. મહાન ચિંતકોના વિચારો એઓ જે દેશમાં અને જે કાળમાં જન્મ્યા હોય તેમાંથી નીપજ્યા હોય છે. એમાંથી કેટલાક દેશ અને કાળની સીમાને ઓળંગી જતા હોય છે અને કેટલાક તે તે દેશ અને કાળ પૂરતા સીમિત રહેતા હોય છે. જે વિચારો સર્વદેશીય હોય અને સર્વકાળને લાગુ પડી શકે એવા હોય તે એનાં મૂળતત્ત્વો હોય છે. તેમના અન્ય વિચારો મોટે ભાગે પરિસ્થિતિજન્ય કોયડાઓના ઉકેલનું તંત્ર સૂચવતા હોય છે. કોઈ પણ ચિંતકના ચિંતનની પ્રસ્તુતતા જોનારે એના તત્ત્વ અને તંત્ર વિશે વિવેક કેળવવો ઘટે. જ્યારે દેશ કાળાબાધિત તત્ત્વો ઉપર આધારિત વિચારોનો નવીન પરિસ્થિતિ મુજબ જરૂરી એવા ફેરફારો સાથેના તંત્ર સાથે સમન્વય થાય છે ત્યારે તે વિચારો તે દેશ અને તે કાળને સારુ પ્રસ્તુત બને છે. તત્ત્વને ગ્રહીને તંત્રને યોગ્ય સ્વરૂપ અપાય ત્યારે જ તે પ્રસ્તુત બને છે.

– નારાયણ દેસાઈ

# મહાત્મા ગાંધી વિશેનાં કાવ્યો

## ગાંધીજયંતી તે દિને

માર્ગમાં કંટક પડ્યા
સૌને નડ્યા;
બાજુ મૂક્યા ઊંચકી,
તે દી નકી,
જન્મ ગાંધીબાપુનો
સત્યના અમોઘ મોંઘા જાદુનો.

અન્યાય નીચી મૂંડીએ ના લીધ સાંખી;
દુર્ગંધ પર મૂઠી ભરીને ધૂળ નાંખી,
ઉકરડા વાળી-ઉલેચી સૃજનનું ખાતર રચ્યું;
અબોલા ભંગાવવા – એ વાતમાં મનડું મચ્યું;
કંઈક આમાંનું બને,
ગાંધીજયંતી તે દિને.

મૂર્ખને લીધા નભાવી,
ધૂર્તને યોજ્યા જગતકલ્યાણના પથમાં પટાવી;
હૈયું દીધું તે દીધું,

પાછા વળી – ખમચાઈ ના કંઈ ગણતરીથી સાંકડું કીધું;
દૂભ્યાં દબાયાં કોઈનું એકાદ પણ જો આંસુ લૂછ્યું,
દાખવ્યું ઘર મનુજ કેરા માંદ્યલાને વણપૂછ્યું;
હૃદય જો નાચી ઊઠ્યું અન્યના સાત્ત્વિક સુખે,
હરખભર જો ઝંપલાવ્યું અદય ભીષણ જગતહિંસાના મુખે;
*– તિથિ ન જોશો ટીપણે –*
*ગાંધીજયંતી તે દિને.*

✳

## મૃત્યુદંડ

ફાંસી દીધી ગોડસેને અમોએ
ગાંધીજીના દેહના મારનારને.
ગાંધીજીના જીવન્ને જીવતાં ને
મૂઆ કેડે મારતું જે ક્ષણેક્ષણે
પડ્યું અમોમાં : સહુમાં કંઈક
તેને હશે કે કદી મૃત્યુદંડ ?

– ઉમાશંકર જોશી

## ગાંધી

પટે પૃથ્વી કેરે ઉદય યુગ પામ્યો બળતણો,
ભર્યાં વિદ્યુત્, વાયુ, સ્થળ, જળ મૂઠીમાં જગજને,
શિકારો ખેલ્યા ત્યાં મદભર જનો નિર્બળતણા,
રચ્યાં ત્યાં ઊંચેરાં જનરુધિર રંગ્યાં ભવન કૈં.
ધરા ત્રાસી, છાઈ મલિન દુઃખછાયા જગ પરે,
બન્યાં ગાંધી રૂપે પ્રગટ ધરતીનાં રુદન સૌ,
વહેતી એ ધારા ખડક-રણના કાતિલ પંથે,
પ્રગલ્ભા અંતે થૈ, ગહન સરલા વાચ પ્રકટી.
હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી
પ્રભુ સાક્ષી ધારી હૃદયભવને, શાંત મનડે
પ્રતિદ્વેષી કેરું હિત ચહી લડો; પાપ મટશે.
પ્રભો, તેં બી વાવ્યાં જગપ્રણયનાં ભૂમિઉદરે,
ફળ્યાં આજે વૃક્ષો, મરણપથ શું પાપ મળતું.

– સુન્દરમ્

❀

## બાપુ અમર રહો !

એનું જીવનકાર્ય અખંડ તપો
અમ વચ્ચે બાપુ અમર રહો !
એના જીવનમંત્ર સમો ચરખો
પ્રભુ, ભારતમાં ફરતો જ રહો !
અમ જીવનમાં અમ અંતરમાં
એની ઉજ્જ્વલ જ્યોત જ્વલંત રહો !
અમ દેશનાં દૈન્ય ને દુર્બળતા
એની પાવક આતમજ્વાળ દહો !
એનો સત્યનો સૂર્ય સદાય તપો
અમ પાપ-નિરાશાના મેલ દહો !
એનાં પ્રેમ-અહિંસાનાં પૂર પ્રભો
અમ ભારતના સહુ ક્લેશ વહો !
એણે જીવતાં રામ સદાય રટ્યા,
એ તો 'રામ' વદીને વિદાય થયા;
લઘુ માનવમાં મહિમા ભરવા
નિજ લોહી અશેષ વહાવી ગયા.

– જુગતરામ દવે

✳

## ભૂલ ગએ !

ગીત તુમ્હારે ગાતે-ગાતે હમ તુમકો હી ભૂલ ગએ !
યાદ હમેં જયનાદ તુમ્હારા, પર હમ તુમકો ભૂલ ગએ,
શપથ તુમ્હારી ખાતે-ખાતે હમ તુમકો હી ભૂલ ગએ.

પૂજા કા પાષાણ બનાકર હમને તુમકો રખ છોડા,
મંદિર મેં અગણિત પથ્થર થે, એક અધિક ઉનમેં જોડા;
મંદિર મેં ઠહરાયા તુમકો, હમ પાપોં મેં ઝૂલ ગએ.

સાથ તુમ્હારે સત્ય-અહિંસા કે દો જીવન-મૂલ ગએ,
ગીત તુમ્હારે ગાતે-ગાતે હમ તુમકો હી ભૂલ ગએ !

– 'અંચલ'

❀

## સાબરમતી કે સંત

દે દી હમેં આઝાદી બિના ખડ્ગ બિના ઢાલ,
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ,
આંધિ મેં ભી જલતી રહી ગાંધી તેરી મશાલ !

ધરતી પે લડી તૂને અજબ ઢબ કી લડાઈ,
તોપી ન કહીં તોપ ન બંદૂક ચલાઈ,
દુશ્મન કે કિલ્લોં પર ભી ન કી તૂને ચઢાઈ,
વાહ રે ફકીર ખૂબ કરામત યે દિખાઈ,
ચુટકી મેં દુશ્મનોં કો દિયા દેશસે નિકાલ !

શતરંજ બિછાકર હુઆ બૈઠા થા જમાના,
લગતા થા કિ મુશ્કિલ હૈ ફિરંગી કો હરાના,
ટક્કર થી બડે જોર કી, દુશ્મન ભી થા દાના,
પર ભૂલી થા બાપુ બડા ઉસ્તાદ પુરાના,
મારા વો કસકે દાવ પડી ઉલટી સબ કી ચાલ !

જબ જબ તેરા બિગુલ બજા, જવાન ચલ પડે,
મજદૂર ચલ પડે વ કિસાનોં ભી ચલ પડે,
હિંદૂ ઔર મુસલમાન શીખ પઠાન ચલ પડે,
કદમોં પે તેરે કોટી કોટી પ્રાણ ચલ પડે,
ફૂલોં કી સેજ છોડ કે દૌડે થે જવાહર !

મનમેં થી અહિંસા કી લગન તન પે લંગોટી,
લાખોંમેં ઘુમતા થા લિએ સત્ય કસોટી,
વૈસે તો દેખને મેં થી હસ્તી તેરી છોટી,
લેકિન તુઝે ઝુકતી થી હિમાલય કી ભી ચોટી,
દુનિયામેં થા બેજોડ તૂ ઇન્સાન બેમિસાલ !

– પ્રદીપ

'જાગૃતિ' ફિલ્મ (૧૯૫૪)

❀

('ગાંધી-ગંગા'માંથી સાભાર)

# ગાંધીમાર્ગ એટલે માણસને ચઢેલો શેતાનિયતનો તાવ માપવાનું થર્મોમિટર

**ડૉ. ચંદ્રકાન્ત મહેતા**

૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ !

લોકોનો, લોકો માટે જીવતો, લોકો વચ્ચે ફરતો સાચુકલો એક માણસ રામનામ સાથે સદા માટે પરલોકના ગામતરે ગયો ! 'લોકઘાટ'ના માણસને આપણે સમાધિરૂપે 'રાજઘાટે' સાચવવાની કોશિશ કરી ! આજે પણ 'રાજઘાટ'ના રાજકારણી પ્રવાસીઓ સ્વાર્થસિદ્ધિ માટે એના નામનું નામમાત્રનું તિલક કરે છે ! ગાંધી એમને મન 'કામધેનુ' છે, ગાંધી એમને મન શત્રુઓનું મોં બંધ કરવાનું સાધન છે. જેવા માણસોને તેઓ પોતાની હાજરીમાં પોતાની પાસે પળવાર માટે ઊભા રહેવા દે એવાઓ, સ્વાર્થગ્રહ માટે ગાંધીની પીઠ પર પગ મૂકીને 'ઊંચે' ચઢવાની કોશિશ કરે છે ! ગાંધી હવે એટલે ઊંચે છે કે 'વેંતિયાઓ એમના સુધી પહોંચવા સીડીનો આશરો લે છે ! પોતાના મુક્તિદાતાની ક્યારેય ન થઈ હોય એવી ફજેતી ગાંધીની થઈ રહી છે. ગાંધી કોઈકને મન ચોરો છે, કોઈકને મન ચબૂતરો છે કે કોઈકને મન ચલણી નાણું ! 'વાદ'માં નહીં, માનતા માણસને આપણે 'વાદ' સાથે જોડીને એનું ગૌરવ છીનવી લીધું છે !

એમને કોઈકે પૂછેલું : 'બાપુ, તમારે સ્વરાજ શું કામ જોઈએ છે ?

એમણે તરત જ કહેલું : 'ઈશ્વરનાં દર્શન કરવા માટે મારે સ્વરાજ જોઈએ છે.'

ગાંધીજીનો સ્વરાજનો આદર્શ બિલકુલ સ્પષ્ટ હતો. પોતાના સ્વપ્નના ભારતનું સ્વરૂપ આલેખતાં કહ્યું હતું : 'પોતાનાં નામો મતદાર તરીકે નોંધાવી આપવાની તસ્દી લેનાર તથા જાતમહેનત કરી રાજ્યને પોતાની સેવા આપનાર દરેક જણ, મરદ અથવા ઓરત, અસલ વતની અથવા હિન્દુસ્તાનને પોતાનો દેશ કરી અહીં વસેલાં, મોટી ઉંમરના વધારેમાં વધારે લોકોના મતો વડે મેળવેલી હિન્દુસ્તાનની સંમતિથી થતું શાસન એટલે સ્વરાજ... સ્વરાજ એટલે સરકારના અંકુશમાંથી મુક્ત થવાનો સતત પ્રયાસ, પછી ભલે તે સરકાર પરદેશી હોય કે દેશની, જો લોકો જીવનની દરેક વિગતના નિયમન માટે સરકાર તરફ જોશે તો તે સ્વરાજમાં ઝાઝો સાર નહીં હોય !'

ગાંધીજીને કેવળ રાજકીય આઝાદી નહોતી ખપતી, એમને સ્વસ્થ અને સ્વચ્છ શાસન પ્રણાલીની અપેક્ષા હતી. તેઓ સાદગીની વાત એટલા માટે નહોતા કરતા કે, અમીરીના તેઓ વિરોધી હતા, પણ તેઓ માનતા કે 'શ્રી' એટલે કે લક્ષ્મી એ સમાજની સંપત્તિ છે અને તેથી સુખાધિકાર સૌને મળવા જોઈએ. કેવી કરુણતા છે આ દેશની ! સત્ય ને અહિંસાના શસ્ત્રથી વિદેશી અંગ્રેજોને આપણે ભારતમાંથી દૂર કરી શક્યા, પણ એ જ શસ્ત્રો સ્વદેશી શેતાનોને ભગાડવામાં પાંગળાં પૂરવાર થયાં છે ! નૈતિક અને સામાજિક સ્વાતંત્ર્ય તથા ધાર્મિક સ્વાતંત્ર્ય વગર આઝાદી ક્યારેય પરિપૂર્ણ ન થાય. એટલે રાજકીય અને આર્થિક સ્વાતંત્ર્ય વગરનું નેતૃત્વ પક્ષપલટુઓની પલટણ ખડી કરી શકે, સમર્થ નેતાઓ નહીં.

ગાંધીજી નમકનું મૂલ્ય સમજતા હતા, એટલે તેઓ ન તો દેશ પ્રત્યે નમકહરામ બની શક્યા કે ન તો માનવતા પ્રત્યે – આજે દેશમાં મીઠું છે, પણ માણસમાંથી 'મીઠું' અદશ્ય થઈ ગયું છે ! મીઠા વગરના માનવીઓ નમકહરામ બની શકે, નમકહલાલ નહીં ! બાપુ ! આ દેશના લોકોને 'ચપટીક મીઠા'ની જરૂર છે !

સ્વ. જયપ્રકાશજીએ કહ્યું હતું : સ્વરાજ્યનો પૂર્વાર્ધ પૂરો થયો, અંગ્રેજી શાસનના ખાતમા (અંત) સાથે; એનો ઉત્તરાર્ધ પૂરો થશે સમતાની સ્થાપનાથી, ગરીબીનાં અંત અને શોષણ તથા દમનની પકડમાંથી મુક્તિથી !

વિશ્વમાં દેશોને 'મુક્તિદાતા'ઓ તો મળ્યા છે, પણ 'મહાત્મા' મુક્તિદાતા જવલ્લે જ મળ્યા છે ! ગાંધીજી મુક્તિદાતા પણ હતા અને 'મહાત્મા' પણ ! ભારતનું એથી મોટું સૌભાગ્ય શું હોઈ શકે ?

'ગાંધી દર્શન'માં વર્ણવ્યા અનુસાર "'અહિંસક સ્વરાજ'માં કોઈ કોઈના દુશ્મન ન હોય. બધા પોતપોતાનો ફાળો ભરે. કોઈ નિરક્ષર ન હોય. ઉત્તરોત્તર જ્ઞાન વધતું જાય. આવી પ્રજામાં રોગ ઓછામાં ઓછા હોય. કંગાલ કોઈ હોય નહીં. મહેનત કરનારને મહેનત મળતી હોય. તેમાં જુગાર, મદ્યપાન, વ્યભિચાર ન હોય. વર્ગવિગ્રહ ન હોય. ધનિક પોતાનું ધન વિવેકસર વાપરે, ભોગવિલાસ કે અતિશય રાખવામાં નહીં. મુઠ્ઠીભર ધનિક મીનાકારીના મહેલમાં રહે અને લાખો લોક હવા-અજવાળું ન હોય એવા અંધારિયામાં રહે એમ પણ હોય ! કોઈના વાજબી હક ઉપર અહિંસક સ્વરાજ્યમાં કોઈ તરાપ ન મારી શકે. ત્યાં તંત્ર વ્યવસ્થિત છે. ત્યાં ગેરવાજબી હક કોઈથી ભોગવી શકતા જ નથી.. ગેરવાજબી હક ભોગવનારની સામે હિંસાનો ઉપયોગ કરવાપણું નથી રહેતું."

આવું સ્વરાજ આપણે ૬૩ વર્ષ પર્યંત પણ ભારતને આપી શક્યા નથી ! ગાંધીજી સાથે આપણે ભારે છેતરપિંડી કરી છે !

ભોગ આપવા ખાતર નહીં, પણ 'ભોગ' લેવા ખાતર આજે 'સત્યાગ્રહ'નું શસ્ત્ર પ્રયોજાઈ રહ્યું છે ! ગેરશિસ્તને હવે ભારતવાસી જન્મસિદ્ધ અધિકાર માને છે ! એ ગેરશિસ્ત 'સડક'થી માંડી સંસદ સુધી જોવા મળે છે ! તેવી ગેરશિસ્ત આચરવામાં માણસને નથી શરમ કે નથી ગેરશિસ્ત છાવરવામાં શરમ !

બકિંગહામ પૅલેસમાં પાંચમા જ્યૉર્જ અને રાણી મેરીને મળવા ગાંધીજી ગયા ત્યારે તેઓ 'રાજા'ને મળવા ગરીબોનો પોશાક પહેરીને ગયા હતા. તેમના અર્ધા પગ ખુલ્લાદેખાતા હતા. રાજાએ એમને કહ્યું : 'મિ. ગાંધી, હિન્દુસ્તાન કેમ છે ?'

તેમણે જવાબ આપ્યો : 'મને જુઓ, એટલે હિન્દુસ્તાન કેવું છે તેની ખબર પડી જશે !'

હજીયે ગાંધીનું ભારત ભૂખ અને ભીખ, શોષણ અને સિતમમાંથી મુક્ત થયું નથી !

દલીલ કરનારાઓ એમ પણ કહે છે કે, બાપુના સંતપણાની માંદલી ભૂરકીની આજે ઉપયોગિતા શી ! જ્યારે શસ્ત્રબળ નિર્ણાયક બનતું હોય ત્યારે અહિંસા અને હૃદયપરિવર્તન તેની સામે ક્યાં સુધી ટકી શકે ? પણ બાપુની ત્રુટિઓ ગણાવવામાં નહીં ખચકાનારા આચાર્ય કૃપાલાનીજીએ પણ આટલું તો કબૂલવું જ પડ્યું હતું કે માણસને માનવ બનાવનાર સર્વ કોઈના વૈશ્વિક સંહારના જોખમના ભયથી ત્રસ્ત રહેતા આજના સ્પુટનિક યુગમાં નૈતિક મૂલ્યો ઉપર આધારિત ગાંધીજીના સામાજિક દર્શનની માગ હિંદ એકલાને જ નહીં, પણ સમગ્ર વિશ્વને જરૂર છે !

કારણ કે નૈતિક મૂલ્યોની સદંતર અવહેલના કરી કોઈ પણ દેશ કે માનવ ટકી શકે નહીં. પોતે

જેને સાચું માનતા હોય એને સત્યની સરાણે કસોટી-એ ચઢાવવાનો પ્રયત્નો અને તે ખાતર ખાપી જવાની તૈયારી કાંઈ નાની-સૂની સિદ્ધિ નથી ! વિશ્વની ચારિત્રિક સ્વસ્થતા મૂલ્યનિષ્ઠ માનવીઓના સદ્વર્તન દ્વારા ટકી શકે છે ! ગાંધીજીને સમજવાની કોશિશ એટલે એમની વાતોમાંથી પણ તટસ્થપણે સત્ય તારવવાની અને સત્યની કસોટીએ ટકે તેવી બાબતો અપનાવીને જીવનને સમુજ્જ્વળ બનાવવાની કોશિશ.

આજે જાહેર જીવનમાં મૂલ્યો નામશેષ બની રહ્યાં છે, ત્યારે ગાંધીજીનો એક પ્રસંગ (લે. સુહાસી) કેટલો બધો પ્રેરક છે ! નોઆખલીના પ્રવાસ વખતનો આ પ્રસંગ છે. લોકોના દુ:ખ-દર્દ જોતાં, દિલાસો દેતાં બાપુ એક ગામમાં ઊતરેલા. મનુબહેન માટે પંજાબી પોશાક લાવીને એક જાહેર સેવકે ભેટ તરીકે આપ્યો. બાપુએ તરત જ કહ્યું : 'આનું બિલ લાવો.'

પેલા સેવકભાઈએ કહ્યું : 'એમાં વળી બિલ શાનું ?' બાપુ તરફના પ્રેમને કારણે એ ભાઈ બિલ લેવા રાજી ન હતા. પણ બાપુ એમ માને ? એમણે કહ્યું :

'તમે ક્યાંથી કાઢશો ? તમારી પાસે પૈસા છે એ તો લોકાના છે ! તમારાથી કે મારાથી લોકોની એક પાઈ પણ ન વપરાય ! આ છોકરીના બાપ આટલા પૈસા આપી શકે તેમ છે, માટે આ બિલ લઈ જ લો. જાહેર સેવકે લોકોના પૈસા કેમ વાપરવા, એનો વિચાર રાખવો જોઈએ.'

આવો જ બીજો પ્રસંગ કસ્તૂરબા સાથેનો છે. તે વખતે ગાંધીજી આફ્રિકામાં હતા. કસ્તૂરબા સાથે જેલમાં હતાં અને પુત્ર મણિલાલ માંદો હતો. પોતાના દીકરાનો કાગળ નહીં આવવાને કારણે કસ્તૂરબા ચિંતિત હતાં, એટલે એમણે ગભરાતાં-ગભરાતાં કહ્યું : 'મણિલાલને તાર કરવો જોઈએ !'

બાએ મનુબહેનને તાર લખાવ્યો અને તે કેટલી સાહેબને આપ્યો. કેટલી સાહેબ તે જેલના મોટા અમલદાર, પણ બા-બાપુ પ્રત્યે તેમને ખૂબ જ માન.

કેટલી સાહેબ તાર લઈને ગાંધીજી પાસે આવીને કહે : 'આ તાર કરવો છે, એના પૈસા ?'

ગાંધીજીએ કહ્યું : 'બા પાસે જ માગોને. તાર તો એણે કરાવ્યો છે !'

બાએ કહ્યું : 'હું વળી ક્યાંથી લાવું ?'

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું : 'કસ્તૂરબા પાસે ખાદીની સાડી છે એને વેચી આવશો, તો બે-ત્રણ રૂપિયા તો મળશે !'

ગાંધીજીનું જીવન એટલે નૈતિક મૂલ્યોનો કંટકભર્યો પંથ.

એમાં 'પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને' –ના શૂરવીરને જ તેના સ્વીકારનો પરવાનો મળી શકે ! તકવાદને એમાં સ્થાન નથી, કારણ કે એ શુદ્ધ પ્રેમ, સેવા અને માનવતાનો મહાપંથ છે, એવો પંથ જેને અપનાવ્યા વગર વિશ્વ ચાલવાનું નથી ! જે સમયોચિત નથી એની ભલે બાદબાકી કરી નાખીએ, પણ ગાંધીજીની ઝોળીમાં એવું ઘણું બધું છે, જે માણસને માણસ બનાવી શકે ! ગાંધી એટલે માણસાઈના સ્વપ્નનો માળી, માણસાઈને એણે રક્ત-પ્રસ્વેદથી સીંચી છે ! ગાંધીમાર્ગ એટલે માણસને ચઢેલો શેતાનિયતનો તાવ માપી આપનારું થર્મોમીટર ! આ થર્મોમીટરને હેમખેમ રાખી 'તાવ'ની દવા શોધવાનો પ્રયત્ન કરીએ એ જ સાચું તર્પણ છે.

ઘેલી દુનિયા આ વાત સમજી શકે ?

**પૂર્વ ઉપકુલપતિ,**
**ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ**
**સંપર્ક : ૧૬, હેવનપાર્ક, રામદેવનગર પાસે,**
**સેટેલાઇટ રોડ નજીક, અમદાવાદ-૩૮૦૦૧૫**
**ફોન : ૨૬૯૨૯૨૯૧ (M.) ૯૮૨૪૦ ૧૫૩૮૬**

# Reflections on the Private Universities in India

M R Gosai
(Former Principal, M M Shah Mahila Arts College, Kadi)

The National Knowledge Commission, in its report of 2006, recommended 1250 new universities to cater to the ever increasing need of higher education in India.The Government of India also announced to open 1440 new universities in the 11th plan period. The proposed outlay for higher education amounts to 47000 crore in the same plan period. In spite of the proposal of this big ticket investment in education, there will be considerable presence of the private sector in higher education. The justification of new private universities in India rests on the ground that the Government cannot provide higher education to the growing number of young aspirants in the country in view of the financial constraints. The UGC has listed 94 private universities, which have come into being by their respective state Government resolutions. This study focuses on the covertly profit oriented private universities. As per the UGC norms, these universities can offer various courses and award degrees, subject to the UGC inspection as per the UGC (Establishment and Maintenance of Standards in Private Universities) Regulations. All these private universities are functioning now. Certain universities advertized, in the print media, invitation to registration for PhD. They registered students for PhD courses, of course, with obliging supervisors. Later on the UGC inspection report found some of these universities deficient for offering PhD courses. So much for their style of functioning. It was not without political patronage that quite a few of these universities were brought into existence, in indecent haste, by a common university Act, which contravened the law laid down by the Supreme Court of India in the *Chhattisgarh universities* case (2005).

As for off-campus centres, the universities can open such centres only in their territory with the prior approval of the UGC under the regulations referred to above. But off-campus centres outside their territory are not permissible. However, some of these universities have their presence in other states through their off-campus centres. And many have been operating in other states through their unofficial agencies, luring students to their campuses. Aspirant students, after their failure to secure admission to the desired institutions, end up paying huge fees first to the agencies and finally to the universities for the award of their dubious degrees. A few good private universities among them are being overshadowed by the majority on the other side. The agencies conduct the mandatory entrance tests on behalf of the universities, which is one more wrong on the part of these uni-

versities. As for infrastructure, these universities require bare minimum as their students learn through the contact programmes arranged by the agencies. Students are enrolled as regular ones but they hardly need to see the campus of their universities. Even their exams are conducted by the agents. They are awarded degrees also through the agencies functioning under various styles in different states of India. Admission tests, teaching/learning programmes, final examinations are all manipulated for fees. Unsuspecting students are duped without difficulty. Such private universities are spinning money by carrying on their activities in covert violation of the UGC norms. The standards of these universities call for serious attention.

Astonishingly, our intelligentsia is worried about the standards of the IITs and IIMs of India, and not the abominable quality of the majority of the private universities with a mercantile motive. Recently, Murthy, the founder of the Infosys slammed the IITs and Jairam Ramesh, a central cabinet minister took swipes at the IITs and the IIMs. We also spare thought for the position of our premier institutions of higher education in the global spectrum. For example, in the 2010 World University Rankings, not a single Indian university figured among the top two hundred. Only Mumbai IIT ranked 187. In 2011, no Indian university, not even an IIT or an IIM, made it to the top ranks. This concern may not be misplaced but our core concern should be the standards of our average universities. Do our ordinary universities meet the necessary parameters in this respect ? Barring a tiny percentage of elite institutions, our higher education is of questionable quality. They levy very stiff fees, if not overtly covertly and sell their quota for unimaginatively high prices. For example, a private medical college in Navi Mumbai sold a postgraduate seat in radiology for 1.7 crore (TOI, Aug 1-9, 2011, p. 9). The few bright institutions can admit barely 10% of the expectant students. The rest end up in private institutions of dubious quality.

Further, the fact remains that the private players in higher education too have to give, at every step, illegal gratification to the bureaucrats and the office bearers concerned from their start onwards. The then Chairman of the Medical Council of India was caught, accepting the bribe of * 2 crore for the approval of a medical college in 2010. Similarly, the then Head of the AICTE, Ram Avatar Yadav was suspended, following a corruption case in 2009. Further, two members of the Bar Council of India came into the CBI net in 2011 as they ran a corruption racket in law education *(http:www.indian express.com,* May 2011). Self-financed institutions need a helping hand of the bureaucracy for the upkeep of their position. Obviously, the Education Department in Gujarat lowered, not long ago, the qualifying percentage for diploma students seeking admission to engineering degree colleges from 50% to 45% in order to facilitate the filling up of 3000 vacant seats in these colleges. Similarly, the eligibility percentage was lowered from 50% to 45% HSC students for admission to pharmacy and engineering colleges (TOI,

Oct 13, 2011, p 5). Isn't it a case of subordination of much professed quality to quantity in higher education, that too, with the help of the authorities ? The nexus between the private education and the bureaucracy is a matter of grave concern. An Education Ombudsman (*Lokpal*), invested with adequate power, is the desideratum.

Deplorably, the powers that be cannot easily close down the institutions of education, once established by fair means or foul, in spite of their malfeasance or misfeasance. It might be asserted safely that no private university, howsoever rotten, has been closed down so far, except in the *Chattisgarh Universities* case. Apart from these universities, 44 deemed universities, found to be beyond redemption, and facing de-recognition, still exist. They are protected by the apex court. Some of these were originally deficient colleges but they were endowed with university status, thanks to the Human Resource Department. Now the same department cannot close them down on account of the law in their favour. By the same token, the liberal Indian law does not allow the closure of the fake universities in India, which number no less than 22. Considering their security, the sale of Educational institutions in private is not a figment of the imagination now. In fact, there appeared an advertisement, in *The Times of India,* for the open sale of educational institutions in Bangaluru in 2004 (TOI, Ahmedabad, Dec.8, 2004). Hence, if the proliferation of private universities of poor quality and poor standing is allowed, it might be invitation to academic disaster.

Probably, one of the reasons for corruption in private institutions is the no profit allowed policy of the Government for these institutions. This policy is upheld by the summit court also. Only a charitable trust can set up and run such institutions. Legally, running an institution of education is a non-profit activity in India. In contrast, for profit organizations are permitted to set up and run educational institutions in the West. Even then their higher education sector is performing excellently. Would it be an overstatement to say that their worst institutions are better than our best? Therefore, our no profit policy in education calls for revisiting as *The Times* columnist and best-selling novelist Chetan Bhagat observes. This policy rests on the flawed assumption that people are keen to set up and run institutions of higher education without any profit motive. As a matter of fact, the so-called non-profit trusts running educational institutions devise shady methods to make money out of education (TOI, October 8, 2011) The Government does not audit their books. The private auditors of their choice obligingly audit their accounts. Exceptions may be there among such trusts but they do not make the rule.

But the revision of the no profit policy not being in sight for the time being, reputed trusts, good business houses with a sense of corporate social responsibility, well known non-government organizations, the cooperative sector and the like should be incentivized to set up and run private universities. For example, tax

concessions might be given to business houses. And they could be persuaded to adopt the poorest of the poor students by way of affirmative action policy. Affirmative action differs from reservation in that reservation has an element of compulsion or coercion while affirmative action is voluntary. Reservation in admission into private institutions of education is ensured under the 104th Constitutional Amendment Act, 2005. Affirmative action can be used as a supplement to the reservation of seats in the private sector institutions. Both, in tandem, might not only facilitate access to quality education but also ensure financial support to the deserving adopted students. The Government would do well to reasonably recompense the philanthropic promoters of the universities for their loss, resulting from affirmative action. The establishment of private universities by the organizations just mentioned would push out the commercially motivated promoters from the field and also aid the disadvantaged students voluntarily. In Gujarat, some reputed no profit trusts run private universities excellently with little Government incentive for instance, Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar. More such trusts would come forward to establish and run private universities if incentivized appropriately by the Government. The legal, technical and procedural support by the Government in the setting up of a university could make a positive impact on such organizations. If, without giving bribes, they succeed in their educational venture with the active support of the Government, positive vibes might be expected in them. Alternatively, the Government should tie up with them on a PPP basis. This model in certain sectors has yielded positive results, for instance, in the running of hospitals in Gujarat.

One more source to be tapped for the promotion of higher education is the Indian Diaspora. India is the home of the third largest Diaspora in the world. The Indian Diaspora, spread over 110 countries and accounting for an annual income of almost 300 billion US dollars is emotionally attached to India, with the consciousness of their cultural heritage. It has the best potential for contribution to the qualitative growth of Indian education. NRIs can promote private education here without a commercial bias. Charotar University of Science and Technology, Changa is a case in point. For considerable NRI support to higher education, what is required is a dynamic and flexible approach to the Diaspora. Collaterally, reasonably good foreign universities can set up their campuses in India provided the pending Foreign Educational Institutions (Regulation of Entry and Operations) Bill, 2010 is passed into law. One expects some restrictive clauses in the Bill to be suitably relaxed to attract foreign universities here to impart quality education with a competitive fee structure.

A recent trend in the field of higher education is that the Government runs certain institutions of higher education on a self-financing basis, for instance, the law university

in Gujarat. This is also a measure to counter the covertly for profit institutions. Apart from that, as things stand today, traditional courses are mostly offered by Government institutions and professional as well as technical courses are taught by private institutions, which are profit making. Thus profits are privatized and losses are nationalized in higher education. The alternative would be to run, on a large scale, the professional/technical courses also by the Government, on a self-supporting basis. It might not be impossible for the Government to invest in the necessary infrastructure. If 6% of the GDP is spent on education and some cess is levied on people for educational development, profit-seeking forces in higher education could be successfully checkmated. Of course, all this depends on political will and volition.

Another viable remedy for the shortage of universities is to go in for distance education universities and virtual universities in a big way. The Government should maximally strengthen and empower the open universities. Their full potential needs to be realized. Indira Gandhi National Open University, Yashwant Rao Open University in Maharashtra and Netaji Subhash Bose Open University in West Bengal are performing excellently. Ambedkar Open University in Gujarat is developing, albeit slowly. But all 13 state open universities and one national open university hold promise to deliver much more if given full autonomy and aid.

Equally, virtual universities ought to be set up with a wide coverage area. Virtual universities are functioning in Tamil Nadu and Punjab. BITS Virtual University and Nalanda Virtual University also deserve a mention. They perform their functions through the electronic media. They rely on interactive teleconferences, two-way audio-visual networks and multimedia technologies. Surely, in this age of ICT, such universities may go a long way towards providing access to higher education to millions of young aspirants, most economically and effectively. For this purpose, the country can avail of the service of the thematic satellite Edu Sat. It is specially configured to relay educational programmes and create interactive class rooms through the audio visual medium, employing the multimedia, multicentric system. The networks of Edu Sat are set up in almost all states, covering the entire country. This is all the more important when we are facing financial constraints to raise the necessary brick and mortar structures for the same purpose. The resources of our open universities could be suitably utilized for exploration into this new area. Even our existing brick and mortar universities can be harnessed to launch projects in this regard.

In sum and substance, the profit oriented private universities require to be put under the scanner like that was done in the case of the deemed universities in the recent past, along with a fresh look at the alternatives to these private entities.

39, Ghanshyamnagar Society,
Kundal, Kadi-382715

# અસરકારક અમલીકરણ વિનાનું શાસન શા કામનું ?

ડૉ. મોહનભાઈ પંચાલ

કોઈ પણ શાસનની સ્થિરતા, પ્રગતિ અને સમૃદ્ધિનો આધાર તેના બંધારણીય કાયદાઓ અને તેમના અસરકારક અમલીકરણ ઉપર રહે છે. જેટલા કાયદા કે નિયમો ઓછા અને તેમાં રહેલી જોગવાઈઓની સ્પષ્ટતા અને સરળતા વિશેષ, તેટલું તેનું અમલીકરણ (implementation) કરવાનું વધુ ફળદાયી અને પરિણામલક્ષી બને છે.

કાયદો કે નિયમ ભલે ગમે તેટલો સારો અસરકારક અને બંધનકર્તા હોય, જો તેનો અમલ બરોબર સચ્ચાઈપૂર્વક અને પ્રામાણિકતાથી ન થાય તો તે કાયદાનો કોઈ અર્થ નથી. પ્રામાણિકતા, નિષ્ઠા અને પારદર્શિતા વિહોણા અમલીકરણ વિનાની ઉત્તમોત્તમ સરકાર શા કામની ? (The government without governance is no government at all.) કાયદા ઘડવાનું કે નિયમો બનાવવાનું સંસ્થા કે સરકાર બંને માટે સહેલું છે, પણ એ ઉત્તમ કાયદા-નિયમોનું અસરકારક અમલીકરણ કરવાનું કેટલું અઘરું છે ! સરકારના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતો (Directive principles) અનુસાર સંસદ કે વિધાનસભામાં દર વર્ષે જરૂરિયાત મુજબ કેટલાક નવા કાયદાઓ ઘડવામાં આવે છે, તો બીજા કેટલાક અસ્તિત્વ ધરાવતા કાયદાઓમાં સુધારા (amendments) પણ કરવામાં આવે છે. આમ કરવા પાછળનો ઉદ્દેશ તો સમાજ-સરકાર બંને માટે અધિક સગવડ કે સરળતા અને કલ્યાણ કરવા અંગેનો હોય છે. તેમ છતાં તેનું અપેક્ષિત પરિણામ આવતું નથી, ત્યારે સૌને નિરાશા અને અસંતોષ સાંપડે છે. કાયદો વગોવાય છે અને સરકાર નિંદાપાત્ર બને છે. પણ વાસ્તવમાં એવું નથી. આવી નિરાશા અને અસંતોષ પાછળ કાયદા, નિયમો કે સરકાર કોઈ જ જવાબદાર નથી : જવાબદાર છે એ સુંદર કાયદાઓનો અમલ કરનાર અધિકારીઓ અને અમલદારો. એક પટાવાળાથી માંડીને સર્વોચ્ચ સ્થાને બિરાજમાન સેક્રેટરી કે પ્રધાન સુધીના તમામ નાના મોટા અમલદારો જો તેમની પૂર્ણ પ્રામાણિકતા, નિષ્ઠા અને ભાવનાથી પ્રત્યેક નિયમ કે કાયદાનું સાચું અર્થઘટન કરે અને સચ્ચાઈપૂર્વક, નિષ્પક્ષપણે અમલીકરણ કરે તો એ કાયદા-કાનૂન અને નિયમોનું મૂલ્ય અનેકઘણું વધી જાય છે. એટલું જ નહિ, બંને પક્ષે પરસ્પર પ્રેમ અને વિશ્વાસ વધે છે, તથા સુખશાંતિ અને ન્યાયનું પર્યાવરણ મંડાય છે, અને ત્યારે જ સરકાર કે સંસ્થાની સુરક્ષિતતા અને આયુષ્ય વધે છે.

વર્ષો પહેલાં ઇંગ્લેન્ડનાં મહારાણી અને ભારત સહિત બીજા કેટલાક દેશોનાં આદરણીય સામ્રાજ્ઞી ક્વિન વિક્ટોરિયાને તત્કાલીન નામદાર પોપે સ્મિત કરીને એક પ્રશ્ન પૂછ્યો :

'મહારાણી આપની આટલી સુંદર અને સફળ સરકાર ક્યાં સુધી ટકી રહેશે ?'

એક મિનિટ મૌન રહીને મહારાણીએ સાદર જણાવ્યું :

'આપના પ્રશ્નનો ઉત્તર હું પરમ દિવસે આપીશ, તો ચાલશે, નામદાર પોપ ?'

'જરૂર ચાલશે, પણ શું મારા પ્રશ્નનો જવાબ આપવાનું આપને માટે કઠિન છે ?'

'ના કઠિન તો નથી, પણ જવાબ આપતાં પહેલાં મારે કેટલીક બાબતોની ખાતરી તો કરવી જોઈને ? અને તેમ કરવામાં મારે એક દિવસનો સમય જોઈશે અને તેથી મેં આપને આમ જણાવ્યું છે.'

'ઠીક છે આપ મને પરમ દિવસે જવાબ આપશો, તો મને આનંદ થશે.' કહેતાં નામદાર પોપ વિદાય થયા.

બીજી તરફ, મહારાણી પોતાના રાજમહેલ તરફ હંકારી ગયાં. રાત્રે ઊંડું ચિંતન કર્યા પછી વહેલી સવારે ઊઠીને તૈયાર થઈ ગયાં. સવારના સાડા-દશ વાગ્યે તેમણે કોઈપણ જાતના પ્રોટોકોલ વિના તેમની બગી (horse-cart)ના સારથિને બોલાવી સૂચના આપી :

'ઇમ્પિરિયલ બૅન્ક લઈ જાવ.'

સારથિને આશ્ચર્ય થયું. થોડી ભીતિ પણ પેદા થઈ, કેમકે મહારાણી સાથે જનાર કોઈ અંગરક્ષકો નહોતા કે અન્ય સલામતીની વ્યવસ્થા પણ થઈ નહોતી. છતાં તેણે હુકમનું પાલન કર્યું.

થોડા સમય બાદ મહારાણી લંડન સ્થિત ઇમ્પિરિયલ બૅન્કના પ્રવેશદ્વારે પહોંચી ગયાં. તેમને જોઈને સમગ્ર બૅન્ક ઉપર સોપો પડી ગયો. નાના-મોટા તમામ કર્મચારીઓ વધુ ગંભીર અને શિસ્તબદ્ધ રીતે તેમની ફરજ બજાવવા લાગ્યા. મહારાણી તો એકલાં બૅન્કમાં પ્રવેશ્યાં. સીધાં ગયાં બૅન્કના મૅનેજર પાસે. તેમના ટેબલ સમક્ષ મહારાણીને ઊભેલાં જોઈને મૅનેજર સ્તબ્ધ બની ગયા. આશ્ચર્ય, ક્ષોભ અને મૂંઝવણ અનુભવતાં તેમણે મહારાણી વિક્ટોરિયાને બેસવા માટે પોતાની ખુરશી ખાલી કરતાં તેમને વિનંતી કરી : 'મે યૉર એક્સેન્સી બી સિટેડ.' (આપ નામદાર આસન ગ્રહણ કરવાની કૃપા કરો.) પણ તેમણે તેમની વિનંતીનો અસ્વીકાર કરતાં કહ્યું : 'આપ આપની ખુરશીમાં બેસો. એ આપનો અધિકાર છે. હું તો અહીં, આપની સમક્ષ એક ગ્રાહક તરીકે આવી છું, મહારાણી વિક્ટોરિયા તરીકે નહિ !'

'બોલો, હું આપની કઈ સેવા કરી શકું, નામદાર ?'

'ફક્ત એક જ અને તે એ કે આપ મને હમણાં જ દશ હજાર પૌંડની રકમ આપો. મારે તત્કાળ જરૂર છે !'

'પરંતુ...?' મૅનેજર ખચકાયા.

'કેમ, પરંતુ ?'

'પરંતુ આપ આ બૅન્કમાં આપ ખાતેદાર નથી. એટલે હું આ રકમ આપવાને લાચાર છું. મને માફ કરશો.' મૅનેજરે ગદ્ગદિત કંઠે પોતાની મુશ્કેલી જણાવી.

'તેમ છતાં ખાસ કિસ્સા તરીકે તમે જો મહારાણીને તેમનો હોદ્દો અને શાખ ઉપર જો નાણાં આપશો, તો આપનો આભાર.' મહારાણીએ પુનઃ વિનંતી કરી. તેના ઉપર થોડી મિનિટો વિચાર કરીને બૅન્ક મૅનેજરે પૂછ્યું :

'આપને આ રકમ કેટલો વખત જોઈએ છે ?'

'ફક્ત બે દિવસ માટે. ત્રીજે દિવસે હું પોતે આ રકમ બૅન્કને પરત કરી દઈશ.' મહારાણીએ મધુર શબ્દોમાં જણાવ્યું.

'ઠીક છે, નામદાર મહારાણીનો આર્થિક, સામાજિક અને રાજકીય મોભો જોઈને હું મારી અંગત જવાબદારી ઉપર આ રકમ આપને આપી શકું છું, એવી એક કાનૂની જોગવાઈ છે. તેનો ઉપયોગ કરીને આપને હું દશ હજાર પૌંડની રકમ આપું છું, બરોબર છે, નામદાર ?' બૅન્ક મૅનેજરે લાગણીવશ થઈને જણાવ્યું.

'આભાર તમારો, મૅનેજરશ્રી, હું આ રકમ તમને પરમ દિવસે બરોબર આ જ સમયે પરત કરી દઈશ એ ખચિત માનશો.'

'અને કદાચ જો આપ નામદાર તેમ નહિ કરો તો બૅન્કના કાયદા મુજબ એ રકમ કાં મારે પરત કરવી પડશે, કાં મારે આ હોદ્દો છોડવો પડશે.' મૅનેજરે સ્પષ્ટતા કરી.

'પણ હોદ્દો છોડવા સિવાય, આપ જેને આ નાણાં આપો છો, તેના ઉપર કંઈ કામ ચલાવવાનો કોઈ નિયમ નથી, મૅનેજર ?' મહારાણીએ પૂછ્યું. 'છે ને આ રીતે નાણાં લેનાર સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો આરોપ મૂકી, અદાલત કામ ચલાવી શકે છે. પણ તે કાયદો આપ સામે મારાથી શી રીતે લાગુ પાડી શકાય ?'

'જોકે તમારે એવું નહિ કરવું પડે. તમે નિશ્ચિંત રહેજો.' કહીને મહારાણી દશ હજાર પૌંડના સિક્કા પોતાના પર્સમાં મૂકી ઝડપથી ચાલી નીકળ્યાં. તે પછી સમગ્ર બૅન્કમાં એક પ્રકારનું વિસ્મય અને પૃચ્છાનું વાતાવરણ જામી ગયું.

બે દિવસ પછી મહારાણી નિશ્ચિત સમયે નાણાં પરત કરવા આવી શક્યાં નહિ. બે કલાકની પ્રતીક્ષા કર્યા પછી બૅન્ક મૅનેજર જાતે તેમના રાજમહેલ તરફ રવાના થયા. મહારાણીને મળીને નમ્ર ભાવે જણાવ્યું કે તે પેલી દશ હજાર પૌંડની રકમ પરત લેવા આવ્યા છે. તેમની વાત સાંભળીને મહારાણી એ સસ્મિત કહ્યું :

'મારું વચન હું પાળી શકતી નથી, તે બદલ દિલગીર છું, પણ તમે તમારી રીતે મારી સામે અદાલતી પગલાં લેવાને મુક્ત છો. આમ જે ઉચિત છે, તે કરો. મને કોઈ વાંધો નથી.'

મૅનેજરે અતિ નમ્ર ભાવે અને આદર સહિત જણાવ્યું કે તેમ કરવામાં તેમને ભારે દુ:ખ થાય છે, અને ક્ષોભ પણ અનુભવે છે. છતાં ફરજ અને નિયમોના અમલીકરણ હેઠળ મહારાણી સામે કાનૂની પગલાં ભરતાં તેઓ ખચકાતા પણ નથી.

મહારાણીના મુખ ઉપર કશો જ કટુ ભાવ કે મૅનેજરની કાર્યવાહી અંગે કોઈ જ ખેદ દેખાતો ન હતો. મૅનેજરે શીઘ્ર ઝડપે તેમની કાર્યવાહી આરંભી દીધી. ચાર જ કલાકની અવધિમાં અદાલતે મહારાણી વિક્ટોરિયા ઉપર સમન્સ બજાવી તેમને અદાલતમાં હાજર થવાનું ફરમાન કાઢ્યું. જેવો સમન્સ મહારાણીને પહોંચ્યો તેવાં જ તે અદાલતમાં હાજર થઈ ગયાં. બૅન્ક મૅનેજર સાથે આદર અને પ્રેમથી હસ્તધૂનન કરીને, ન્યાયાધીશને સલામ કરી. સમગ્ર અદાલત સ્તબ્ધ બની ગઈ હતી. બીજી ક્ષણે મહારાણીએ પોતાના પર્સમાંથી દશ હજાર પૌંડ કાઢી, તે રકમ સાદર ન્યાયાધીશના મેજ ઉપર રજૂ કરી દીધી.

આશ્ચર્ય, આનંદ અને કંઈક અંશે પશ્ચાત્તાપની ત્રિવિધ લાગણી અનુભવી રહેલા બૅન્ક મૅનેજર અને ન્યાયાધીશ ઉભયને મહારાણીએ ધન્યવાદ આપતાં જણાવ્યું : 'નાઉ આઈ કૅન ટેલ હિઝ એક્સલન્સી ધ પોપ ધેટ માય રૂલ વિલ કન્ટીન્યુ ફોર મૅની યર્સ.'

બીજે દિવસે મહારાણી નામદાર પોપ સમક્ષ ઉપસ્થિતિ થઈને તેમના પેલા પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું : 'આઈ કૅન વેરી કોન્ફિડન્ટલી ટેલ યુ સર, ધેટ માઇ ગવર્નમેન્ટ વિલ કન્ટીન્યુ વિથ ધ સેઇમ ગવર્નન્સ ફૉર યર્સ...'

આપણા દેશનું સાર્વભૌમત્વ અને બંધારણ, અનેક પ્રકારના કાયદાઓ અને તે પર થયેલા સુધારાઓ (amendments) ઘણા સારા, અસરકારક અને કલ્યાણકારી છે. પરંતુ તેમનો અમલ કરનારા નાના-મોટા અમલદારોમાં નિષ્ઠા અને પ્રામાણિકતાનો ખૂબ જ અભાવ છે, એટલું જ, અમલ કરવાની ઇચ્છાશક્તિ (willpower)

અને પ્રતિબદ્ધતા (commitment) નહિવત્ છે. પોતાની જવાબદારી અને હોદ્દો કે પદનું કશું જ ગૌરવ પણ નથી ધરાવતા. બીજી તરફ ૮૦થી ૯૦ ટકા સરકારી કર્મચારીઓ અને અમલદારો નોંધપાત્ર ક્ષમતા (competency) ધરાવતા હોવા છતાં તેનો ઉપયોગ કરવામાં અને ભૂમિકા ભજવવામાં નિરુત્સાહી અને નિષ્ક્રિય રહે છે. પરિણામે સારામાં સારી સરકાર અને તેટલા જ સારા તેના કાયદાઓ અસરકારક અમલીકરણના અભાવે વગોવાય છે, નિંદાપાત્ર બને છે, અને તૂટી પડે છે. અસરકારક અમલીકરણ વિનાની ઉત્તમ સરકારનો કોઈ અર્થ ખરો ? (The best government without good governance is butile).

ઉપરોક્ત ચર્ચા અને દૃષ્ટાંત શિક્ષણખાતાને પણ સાંગોપાંગ લાગુ પડે છે. ભારતના અને સવિશેષ તો ગુજરાતના શિક્ષણક્ષેત્રમાં તત્કાલીન સરકારોએ મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણનીતિ ઘડી, તેને આનુષાંગિક અનેક કાયદાઓ પણ ઘડ્યા. છતાં તે બધાંનું આજે, આટલાં વર્ષો પછી પણ કશું જ સાચું, સંતોષકારક કે નોંધપાત્ર પરિણામ દેખાતું નથી. તેનું શું કારણ ?

સરકારી કેળવણીખાતુ શિક્ષણ સુધારની દિશામાં વિવિધ યોજનાઓ ઘડે છે; તેનો અમલ કરવા કાયદા અને નિયમો પણ બનાવે છે; યોજના પાર પાડવા ખાસ નાણાં ફાળવે છે. છતાં તેનો ઉદ્દેશ પાર નહિ પડતો હોવાનો આપણો અનુભવ છે. આ માટે ક્યાં પરિબળો હશે ?

શિક્ષણ અને શિક્ષકોનું સ્તર ઊંચું લાવવાના પવિત્ર હેતુથી રાજ્ય સરકાર આચાર્યો, શિક્ષકો માટે અનેક નાના મોટા પરિસંવાદો, કાર્યશાળાઓ અને પ્રતિસ્થાપન વર્ગો (Orientation classes) યોજે છે. જેમની પાછળ બહુ મોટી ધનરાશિ ખર્ચવામાં આવે છે. પણ એ કાર્યક્રમ રંગેચંગે પૂરો કરવા સિવાય બીજી કોઈ જ ફલપ્રાપ્તિ દેખાતી નથી. તાજેતરમાં સમગ્ર રાજ્યની સાડા છ હજાર માધ્યમિક શાળાઓના આચાર્યોને અપગ્રેડ અને અપડેટ કરવા માટે સરકારે જે ધનરાશિ ફાળવી અને ઠેરઠેર ત્રણ-ત્રણ દિવસના તાલીમવર્ગો યોજાયા તેનું દશ્યમાન પરિણામ શું આવ્યું, તે હજી જાણવાનું છે !

અભ્યાસક્રમોની નવરચના, પાઠ્યપુસ્તકોની ગુણવત્તાસુધાર, શિક્ષકતાલીમનું નવું માળખું, સ્વનિર્ભર સંસ્થાઓની રચના વગેરે માટેના અવનવા કાયદાઓ અને નિયમોની જોગવાઈ – બધું જ હોવા છતાં અને તેથી વિશેષ તેના ક્રિયાકાંડ કે કર્મકાંડ ચાલતો હોવા છતાં, નથી શિક્ષણની ગુણવત્તા સુધરતી કે નથી શિક્ષકોની ક્રિયાશીલતા કે પ્રતિબદ્ધતામાં કોઈ પરિવર્તન આવતું. આમ થવાનાં કયાં કારણો હોઈ શકે ?

કોઈપણ કાર્યયોજનાની પ્રત્યેક નાની-મોટી વિગત અંગેની સ્પષ્ટ સમજ, તે અંગેના બિનવિવાદાસ્પદ નિયમો અને તેમનો અમલ કરવા બાબતની અતિ સ્પષ્ટ સૂચનાઓની જોગવાઈ, અમલ કરનાર વ્યક્તિઓની તદ્‌વિષયક તાલીમ અને અમલીકરણમાં ખામી દેખાય તો તે માટે કોણ જવાબદાર છે, તે નક્કી કરી તેને આપવાની શિક્ષા કે દંડ ઇત્યાદિ બાબતો જ્યાં સુધી હાથ ધરવામાં નહિ આવે ત્યાં સુધી શિક્ષણસુધારની ભવ્ય યોજનાઓ માત્ર કાગળ ઉપર જ શોભી રહેશે, સમાજજીવનમાં કે સરકારી ક્ષેત્રમાં નહિ !

અસરકારક અમલીકરણ વિનાની સમર્થ સરકાર શા કામની ?

# શિક્ષણ : સિક્કાની બીજી બાજુ

**તુલસીભાઈ પટેલ**

શિક્ષણનું મહત્ત્વ સર્વવિદિત છે. આદિકાલીન ગુફાવાસી અવસ્થામાંથી આજે આપણે કમ્પ્યૂટર યુગમાં પ્રવેશ કર્યો. આપણે આશ્ચર્યકારક પ્રગતિ કરી, એ માટે અનેક પરિબળો જવાબદાર છે, પરંતુ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ પરિબળ છે શિક્ષણ. માનવસભ્યતાએ અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાસ તરફ જે ગતિ કરી છે, એ માટે આપણે શિક્ષણ દ્વારા પ્રાપ્ત જ્ઞાન-વિજ્ઞાનના ઋણી છીએ. શિક્ષણ એ જ્ઞાન ભણીની યાત્રા છે. શિક્ષણ પ્રાપ્ત કરીને આપણે સાચા અર્થમાં મનુષ્ય બની શકીએ છીએ. સાચું કહ્યું છે : विद्याविहीन: नर पशु । સાવ સરળ સૂત્ર દ્વારા વાત કરી શકાય કે : Man – Knowledge Animal. વિદ્યાની ઉપાસના કરીને જ આપણે પશુમાંથી ઇન્સાન બન્યા છીએ. આમ, વિદ્યા અર્થાત્ શિક્ષણના મહિમા વિશે વિવાદને કોઈ સ્થાન નથી.

શિક્ષણ એ માનવ-સભ્યતાના વિકાસનું શ્રેષ્ઠ સાધન છે. પરંતુ સાધન જેટલું ઉત્તમ, એનો દુરુપયોગ એટલો જ હાનિકારક પુરવાર થાય છે. ચપ્પુથી શાક સમારી શકાય, તો કોઈનું ખૂન પણ થઈ શકે. અણુશક્તિના રચનાત્મક ઉપયોગથી સૃષ્ટિ પર સ્વર્ગનું અવતરણ થઈ શકે, તો એના દુરુપયોગથી સૃષ્ટિનો વિનાશ પણ થઈ શકે. એમાં સાધનનો બિલકુલ દોષ નથી. સાધનનો ઉપયોગ કરનારના ઇરાદા પર ગુણ-દોષ આધાર રાખે છે. શિક્ષણ જેવા ઉત્તમ સાધનનો દુરુપયોગ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. જે હદે દુરુપયોગ થઈ રહ્યો છે, એ જાણીને કોઈપણ સંવેદનશીલ વ્યક્તિ વ્યથિત થઈ જાય. શિક્ષણ દ્વારા થતા ફાયદા વિશે તો અસંખ્ય ગ્રંથો લખાયા છે, ને લખાતા જાય છે. પરંતુ સિક્કાની બીજી બાજુ : શિક્ષણને કારણે આજે આપણે જે કાંઈ ગુમાવી રહ્યા છીએ, વ્યક્તિ અને સમાજને અપાર નુકસાન થઈ રહ્યું છે, એ વિશે –

શિક્ષણ માણસ-માણસ વચ્ચે ભેદભાવ પેદા કરે છે. શિક્ષિત વ્યક્તિ પોતાને અ-શિક્ષિત વ્યક્તિ કરતાં અલગ અને ઊંચી સમજે છે. શિક્ષણને સંસ્કાર સાથે જોડી દેવામાં આવ્યું છે. એવું ગૃહીત છે કે શિક્ષણ વડે સંસ્કાર પ્રાપ્ત થાય છે. એમાંથી એવું ફલિત થાય છે કે, અ-શિક્ષિત વ્યક્તિ અ-સંસ્કારી હોય છે ! શિક્ષણ અને સંસ્કારનું સમીકરણ યથાર્થ નથી. સંસ્કારિતા એ શિક્ષિત વ્યક્તિઓનો ઇજારો નથી. અશિક્ષિત લોકોમાં નિખાલસતા, સરળતા, સાદગી, સચ્ચાઈ વગેરે જે નૈતિક ગુણો જોવા મળે છે; એનો તથાકથિત શિક્ષિત લોકોમાં ઘણીવાર સદંતર અભાવ હોય છે. શિક્ષણને આધારે ઊંચાં-નીચાં પદ પ્રાપ્ત થતાં હોય છે. આ ઉચ્ચાવચ શ્રેણી એ ભેદભાવનો જ એક પ્રકાર છે. કહેવાય છે કે પદ લાવે મદ ! પદને કારણે અતડાપણું અને અભિમાન પેદા થાય છે. ગુરુતા ગ્રંથિ પેદા થાય છે; ને નિમ્નપદવાળી વ્યક્તિ સાથે હળતાં-ભળતાં સંકોચ અનુભવાય છે. શિક્ષિત વ્યક્તિ એટીકેટના નામે સહજતા અને આત્મીયતા ગુમાવે છે. આમ, શિક્ષણ દ્વારા માનસિક અસમાનતા પેદા થાય છે.

શિક્ષણ આપણી કુદરતદત્ત મૌલિકતાનો ભોગ લે છે. શિક્ષણને પરિણામે સામાન્ય બુદ્ધિના ભોગે અ-સામાન્ય બુદ્ધિનો વિકાસ થાય છે. હકીકતમાં Common sense is very un-

common thing. સામાન્ય બુદ્ધિ વાસ્તવમાં અ-સામાન્ય યા અસાધારણ બાબત છે; એનો ભોગ લેવાય એ ભારે હાનિકારક અને ચિંતાજનક બાબત ગણાય. જાણીતા લેખક માર્ક ટ્વેને લાક્ષણિક શૈલીમાં કહ્યું છે : મારી મૌલિકતા બચી ગઈ, કેમકે હું નિશાળે ન ગયો ! કુદરતે દરેકને સ્વતંત્ર સૂઝ આપી છે. જેમ જેમ શિક્ષણ વધતું ગયું છે, તેમ તેમ સ્વતંત્ર સૂઝ ઘટતી ગઈ છે. પ્રાણીઓને સહજવૃત્તિ (Instinct) દ્વારા કુદરતી આફતોની આગોતરી જાણ થાય છે. આપણે એ માટે યંત્રો શોધવાં પડ્યાં છે ! ખૂબ ભણેલો વૈજ્ઞાનિક ન્યૂટન નાની-મોટી બિલાડી માટે નાનાં-મોટાં બે કાણાં બનાવશે ! અભણ મિસ્ત્રી આવી ભૂલ કદાપિ નહીં કરે.

શિક્ષણ વ્યક્તિને દીર્ઘસૂત્રી બનાવે છે, આજે વિશિષ્ટ નિપુણતા (Narrow specialisation)નો યુગ શરૂ થયો છે. એમાં સરળ બાબતને ગૂંચવી મારવામાં આવે છે; અથવા તો બિનજરૂરી રીતે લાંબી યા ક્લિષ્ટ બનાવવામાં આવે છે. કોઈકે 'પંડિત'ની વ્યંગ્યાત્મક વ્યાખ્યા આપતાં કહ્યું છે : 'સીધી-સાદી બાબતને જે ગૂંચવી મારે તે પંડિત કહેવાય !' એક ભરવાડ ગાયો ચરાવતો હતો.ત્યાં એક ગણિત નિષ્ણાત જઈ ચઢ્યા. ભરવાડે એમને પૂછ્યું : 'સાહેબ ! ગાયો કેટલી છે; જરા ગણી બતાવો તો.' ગણિત નિષ્ણાતે થોડીવાર આંગળીઓના વેઢા ગણ્યા. હોઠ ફફડાવ્યા. પછી કહ્યું : 'પચીસ ગાયો છે.' ભરવાડે કહ્યું : 'બિલકુલ સાચું. પરંતુ તમે કેવી રીતે ગણી, એ કહેશો ?' ગણિતનિષ્ણાતે કહ્યું : 'ગાયો ગણવાનું સૂત્ર સાવ સરળ છે. પણ તમને અભણને એ ન આવડે એ સ્વાભાવિક છે. હું તમને ગાયો ગણવાનું સૂત્ર સમજાવું. 'ગાયોના પગની સંખ્યા ભાગ્યા ચાર બરાબર ગાયોની સંખ્યા.' '' ગાયો ગણવાનું સૂત્ર સાંભળીને ભરવાડ તો બેહોશ થતાં રહી ગયો ! અલ્પશિક્ષિત કે નિરક્ષર શેઠિયાઓએ સફળતાપૂર્વક મિલો કે ફેક્ટરીઓ ચલાવી. વિદેશથી એમ.બી.એ.ની ડિગ્રી લઈ આવેલા એમના સુપુત્રોએ વહીવટ સંભાળ્યો, ને મિલો--કારખાનાં બંધ કરવાની વેળા આવી !

શાસ્ત્રવચન ગોખી ગોખીને કેટલીકવાર વ્યક્તિ જડમતિ બની જાય છે. એનો વિચારવ્યાપ સીમિત બની જાય છે. જ્ઞાનપાત્ર પૂરેપૂરું ભરાઈ જવાને કારણે નૂતન વિચારના પ્રવેશ માટે અવકાશ રહેતો નથી. એ તો ઠીક, પરંતુ ઘણીવાર એનું મનોવલણ પ્રત્યાઘાતી બની જાય છે. પ્રાચીનનો સમર્થક અને અર્વાચીનનો વિરોધી બની જાય છે. આવી મનોદશા હોય ત્યાં ક્રાન્તિ કે વિદ્રોહની તો વાત જ ક્યાં કરવી ? આપણા કેટલાક આદરણીય વયસ્ક વિદ્વાનોને અતિ ઉપયોગી અદ્યતન વિજાણુયંત્રોને ઓપરેટ કરતાં આવડતું નથી; એ તો જાણે ઠીક; પરંતુ તેઓ જ્યારે એમ કહે છે કે આ બધાં સાધનો નકામાં અને નુકસાનકારક છે; ત્યારે એમની પ્રત્યાઘાતી માનસિકતા પ્રગટ થાય છે.

શિક્ષણ પ્રાપ્ત કરવાને કારણે વ્યક્તિની સંવેદનાની ધાર બુઠ્ઠી થતી જાય છે. અન્યાય, અસામાનતા વગેરે પ્રત્યે વ્યથિત થવાની ક્ષમતા એ ગુમાવતો જાય છે. એનું રીઢાપણું વધતું જાય છે. ગાંધીજીને કોઈ પત્રકારે પૂછ્યું કે; શું જોઈને આપને ખૂબ વ્યથા થાય છે ? ગાંધીજીએ કહ્યું કે ભણેલાઓની હૃદયહીનતા જોઈને મને ખૂબ વ્યથા થાય છે. શિક્ષણ વ્યક્તિને સ્વકેન્દ્રી અને સ્વાર્થી બનાવે છે. થોડા સમય પહેલાં આપણા વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે ઊંચો પગાર લેતી વ્યક્તિઓને વિનંતીરૂપે કહ્યું કે, આવકની દશેક ટકા રકમ વંચિતો માટે અલગ કાઢો. ડૉ. મનમોહનસિંહની આ કરુણાપ્રેરિત વિનંતી કોઈ ઊંચા વેતનભોગીને ગમી નહીં; બલકે એનો ભારે વિરોધ થયો !

શાસ્ત્ર જ્યારે 'શસ્ત્ર' રૂપ ધારણ કરે ત્યારે ભારે અનર્થ થાય છે. માની લઈએ કે માણસ સ્વાર્થી

અને શોષણખોર પ્રાણી છે. પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરવાથી સ્વાર્થ સાધવાની અને શોષણ કરવાની એની આવડત અનેકગણી વધી જાય છે. લાકડી વડે માણસને ઘાયલ કરી શકાય, પરંતુ રાઇફલ કે અણુશસ્ત્ર દ્વારા મહાવિનાશ વેરી શકાય. કોઈ પાશ્ચાત્ય ચિંતકે કહ્યું છે કે, રેલવેનો પોર્ટર એકાદ પાર્સલ ચોરે, પરંતુ સ્ટેશન માસ્તર આખું વેગન ચોરી શકે. બુદ્ધિનો સ્વાર્થજનિત ઉપયોગ વધ્યો છે; પરિણામે આજે ઈશ્વરની જેમ ભ્રષ્ટાચાર બન્યો છે. સાચું કહ્યું છે : साक्षरा: विपरीता राक्षसा भवन्ति। દુર્યોધન જ્ઞાની હતો; પરંતુ તે કબૂલે છે :

जानामि धर्मं न च मे प्रवृत्ति ।
जानामि अधर्मं न च मे निवृत्ति ॥

મોટા ભાગની શિક્ષિત વ્યક્તિઓની આ દશા છે. દિન-પ્રતિદિન દુર્યોધનવૃત્તિ વધતી જાય છે; એ આજના યુગની દુ:ખદ કરુણતા છે.

શિક્ષિત વ્યક્તિની ભાષા-શૈલી અને જીવનશૈલીમાં બનાવટ આવે છે. અસલ તળપદી ભાષાશૈલીમાં જે પ્રભાવક્ષમતા છે; તે પુસ્તકિયા ભાષા કે શિષ્ટ-પ્રશિષ્ટ શૈલીમાં નથી. લોકસાહિત્ય હૃદયને જેટલું સ્પર્શે છે, તેટલું પ્રશિષ્ટ સાહિત્ય સ્પર્શતું નથી. પોતાની કૃતિમાં ગામઠી બોલીનો પ્રયોગ કરવાનો આવે ત્યારે વિદ્વાન લેખકોને ગ્રામીણ વડીલોની મદદ લેવી પડે છે ! તળપદી જીવનશૈલીમાં જે સાત્ત્વિકતા કે આનંદ છે, તે શિક્ષિતોની બનાવટી જીવનશૈલીમાં શેં જોવા મળે !

કમાણી માટે થઈને શિક્ષણનો અનૈતિક ઉપયોગ એ શિક્ષણની હૃદયવિદારક કાળી બાજુ છે. સફળ વકીલ કોણ ? જે ખૂનીને નિર્દોષ સાબિત કરે ! ગુનેગારને છોડાવે !! સફળ સેલ્સટેક્ષ-ઇન્કમટેક્ષ પ્રેક્ટીશનર એ કહેવાય જે અસીલનો ટેક્ષ બચાવી આપે ! પુસ્તકમાં કે થિયરીમાં ગેરરીતિ કરવાની વાત ક્યાંય આવતી નથી. પરંતુ વ્યવહારમાં જ્ઞાનનો ઉપયોગ છીંડાંબારી શોધીને કમાણી કરવા માટે થાય છે. એક શેઠને ગૂમડું થયું. ડૉક્ટરે ઉપચાર લંબાવીને ખૂબ કમાણી કરી. ડૉક્ટરનો દીકરો ડૉક્ટર થયો. એણે શેઠનું ગૂમડું અઠવાડિયામાં મટાડી દીધું; ને પિતાજીને ખુશી-ખુશી આ વાત કરી. પિતાએ દીકરાને તમાચો ઠોકી દીધો; ને કહ્યું : 'મેં શેઠનો ઉપચાર લંબાવીને જે કમાણી કરી, એમાંથી તને ડૉક્ટર બનાવ્યો. પરંતુ તું હવે તારા દીકરાને કેવી રીતે ડૉક્ટર બનાવી શકશે ?' ડૉક્ટર તો પ્રતીક ઉદાહરણ છે. પરંતુ આ વાત પ્રકારાંતરે સમાજનાં લગભગ તમામ ક્ષેત્રોને – શિક્ષણ, વહીવટ, અર્થતંત્ર, રાજકારણ, ધર્મકારણ સહુને લાગુ પડી શકે છે. રિશ્વત લેવાની અને શોષણ કરવાની આવડત (!) શિક્ષણ દ્વારા અનેકગણી વધી જાય છે, એ આ ચર્ચાનો નિષ્કર્ષ છે.

કોઈને આ ચર્ચામાં સીનીકલ (વક્રદર્શન) અભિગમ દેખાશે. પરંતુ શિક્ષણના પ્રયોજન વિશે આપણે હંમેશાં આદર્શવાદી દૃષ્ટિકોણથી ચર્ચા-ચિંતન કરતા આવ્યા છીએ. અલબત્ત શિક્ષણના આદર્શો ઊંચા છે; ને ઊંચા જ હોવા ઘટે. પરંતુ વ્યવહારમાં શિક્ષણ કેવી રીતે પ્રયોજાય છે, એ વિશે આપણે મોટા ભાગે શાહમૃગી વૃત્તિ દાખવતા આવ્યા છીએ. આ ચર્ચાનો હેતુ અનૈતિકતાનું સમર્થન કરવાનો નથી. બલકે અનૈતિક પ્રયોગને લીધે ઉત્પન્ન થયેલ વ્યથા પ્રગટ કરવી તે ઉદ્દેશ છે. આદર્શોનું પાલન નેવું ટકા અને અનૈતિકતા દશ ટકા જોવા મળતી હોત તો; 'વાસ્તવિકતા તો એવી જ હોય' એમ સમજીને એ સહ્ય યા ગ્રાહ્ય બની શકે. પરંતુ આદર્શ અને વાસ્તવિકતાનું પ્રમાણ ઊલટું છે. અર્થાત્ દશ ટકા આદર્શપાલન અને નેવું ટકા અનૈતિકપ્રયોગ જોવા મળે છે. આ યથાર્થદર્શન વ્યથાકારક છે. નૈતિકમૂલ્યોનું પાલન એ માત્ર ચર્ચા કે નિબંધ-લેખનનો વિષય ન રહેવો ઘટે; પરંતુ આચરણનો વિષય બને એ જ આ સમસ્યાનો ઉપચાર છે.

[૧, ઉદયનગર સોસાયટી, મહેસાણા-૩૮૪૦૦૨]

# સ્વાવલંબન : છાત્રાલયનો શ્વાસ...

**ગણેશભાઈ કા. પટેલ**

(પૂર્વ ડાયરેક્ટર, સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગર)

નિવાસી સ્કૂલના છાત્રાલયમાંથી ટીપાઈ-ઘડાઈ બહાર પડેલા છાત્રો-વિદ્યાર્થીઓને આજે પણ પોતાની દિનચર્યાને લગતાં કે પોતાનાં અંગત કામો કરતાં કોઈ સંકોચ થતો નથી. ધંધાદારી છાત્રાલયોની વાત આનાથી કંઈક જુદી અને ઊલટી હોય છે. ત્યાં તો માત્ર તાગડધિન્ના અને ભોજન-બિલની વસૂલી જ કેન્દ્રસ્થાને હોય છે, કેમ કે ત્યાં ગ્રાહક અને વેપારીનો સંબંધ છે. જ્યાં આવું હોય ત્યાં વચ્ચે નફો આવી જાય છે. **કડી. આણંદ, ખેરવા, વિસનગર, નાની કડી, ઊંઝા, પિલવાઈની** જાહેર સંસ્થાઓ દ્વારા ચાલતાં નિશ્ચિત ધ્યેય સાથેનાં છાત્રાલયોની વાત કંઈક ન્યારી છે. આ છાત્રાલયોનો હેતુ છાત્ર-ઘડતર દ્વારા સમાજઘડતર અને રાષ્ટ્રઘડતરનો છે. અહીં નફાની વાત તો બાજુએ રહી, નુકસાન (ખોટ) આવતું હોય તોપણ સમાજ પાસેથી ઉઘરાણું કરીને છાત્રાલયો ચલાવવામાં આવે છે. મેં અગાઉના લેખમાં કહ્યું હતું તેમ છાત્રાલયવાળી શાળા નોખી તરી આવે છે. છાત્રાલય એનો ધબકાર છે. દરેક શાળા જીવે તો છે જ પણ જીવે છે એ જીવંત છે એમ ન કહી શકાય. જેના અસ્તિત્વની નોંધ લેવી પડે તે જીવંત ગણાય. શરીરનું હોવું એ કંઈ અસ્તિત્વની સાબિતી નથી; એને તો નામશેષ થતાં ક્યાં વાર લાગે છે ? શરીર ન હોય અને છતાં જે અનુભવાય તે અસ્તિત્વ. પૂ. મહાત્મા ગાંધી આજે નથી; સોક્રેટિસ પણ ચાલ્યા ગયા, લિંકન આપણી વચ્ચે નથી; વિવેકાનંદજી, રવીન્દ્રનાથ, વિનોબા ભાવે, સરદાર પટેલ – બધા દેખાતા નથી છતાં આ ગ્રહ ઉપર તેમની હાજરી વરતાય છે એનું નામ જ અસ્તિત્વ. આવું જ વ્યક્તિ, સમાજ, શાળા અને દેશ માટે પણ હોય છે. શાળા હોય, ઘંટ વાગતો હોય, પિરિયડ પણ લેવાતો હોય અને છતાં શાળા ન ચાલતી હોય એવું પણ બને. આ જલદી ગળે ઊતરે એવું નથી. સત્યને ગળે ઊતરતાં જરા વાર લાગે છે.

પણ એ જ શાળાને જો એક છાત્રાલય હોય તો એ શાળા જીવંત બની જાય છે. છાત્રાલય એ ચોવીસ કલાકની ઘડતર શાળા છે. ત્યાં ગોઠવાયેલ સતત પ્રવૃત્તિઓ દ્વારા પોતાને ખબર પણ ન પડે એ રીતે છાત્રો ઘડાતા જાય છે. આ ઘડતર છેક શાળા સુધી પહોંચે છે. જે છાત્રાલયમાં પ્રવૃત્તિઓ ચાલતી નથી તે ઝટપટ વીશીમાં ફેરવાઈ જાય છે. વીશી એટલે શહેરની લૉજ જ્યાં બજારમાં ખરીદી કરવા કે અન્ય કામે આવેલા ઠાંસીઠાંસીને પેટ ભરે અને આપેલા રૂપિયા વસૂલ કરે. વીશી અને ગ્રાહક (જમનાર)ને બીજો કોઈ સંબંધ નથી.

હમણાં સર્વ વિદ્યાલય, વિદ્યાર્થી આશ્રમ (છાત્રાલય) કડીમાં ભણીભણીને ઘડાયેલા અને બે-એક વાર ઊંઝા વિસ્તારમાંથી ધારાસભ્ય બનેલા

અને રાજ્ય તેમજ રાષ્ટ્રકક્ષાએ ખેતી બજારધારાના અચ્છા જાણકાર શંકરલાલ ગુરુનો ભેટો થઈ ગયો અને મને એમને ત્યાં લઈ ગયા. શ્રીફળનું જળ પીતાં પીતાં મેં એમની તંદુરસ્તીનું રહસ્ય પૂછતાં તેઓ બોલી ઊટ્યા : "જુઓ ગણેશભાઈ, જીવનના આઠમા દાયકાની નજીક પહોંચવામાં છું. આ ઉંમરે પણ તન એ મન સાબદાં છે. આ બધો પ્રતાપ કડીના છાત્રાલયનો છે. મકાન હોય કે જીવન પાયો મહત્ત્વની ચીજ છે. ગૃહપતિ સાહેબની વ્હીસલ અને હાથમાંની સોટી તેમજ પ્રેમ નીતરતી આંખો નીચે સવારથી સાંજ સુધીના દૈનિક કાર્યક્રમને કારણે જે સુટેવો પડી તે આજે પણ કામ લાગે છે."

આ વાત એક શંકરલાલની નથી પણ 'કંકર એટલે શંકર'ની (અસંખ્ય) જેમ અનેક વિદ્યાર્થીઓ જે આજે વિવિધક્ષેત્રે સફળ નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે તે સૌની છે. કાંઝ ગામના કસાયેલા વ્યાયામવીર મનુભાઈ એ. પટેલની વાત લો. તો એ પણ આજે પોતે જે કંઈ છે તેનો સઘળો યશ છાત્રાલયને આપે છે. મનુભાઈ પટેલ ગુજરાત ગૌશાળા ટ્રસ્ટ, કડીના મંત્રી તરીકે ગૌશાળાનું સુંદર સંચાલન કરે છે. આ બધાને પોતપોતાનાં કે ઘરને સ્પર્શતાં કામ કરવામાં કોઈ સંકોચ થતો નથી. વહેલાં ઊઠવાના, રૂમ સફાઈ, કપડાં ધોવાના-સૂકવવાના, ઇસ્ત્રી કરવાના, અને ગોદડાં વાળવાના, થાળી-વાટકો સાફ કરવાના અને બીજાં અનેક કામ કરવાનાં જે સંસ્કારબીજ ત્યાં વવાયાં એ આજે ઊગી નીકળ્યાં છે.

સ્વાવલંબન વિના છાત્રાલય જીવી શકે જ નહીં, જોવું હોય તો જોઈ લેજો કે જો ત્યાં પાયાની પ્રવૃત્તિઓ નહીં થતી હોય તો તે બીમારી સાથે જીવતું હશે. તેની તંદુરસ્તી ગમે ત્યારે જોખમાવાનો પૂરો સંભવ છે. સમૂહજીવન જીવવાની જેવી અને જેટલી તકો છાત્રાલયમાં છે તેવી અને તેટલી બીજે ક્યાંય નહીં મળે. અહીં કેટલીક પ્રવૃત્તિઓ (કામ) વ્યક્તિગત અને કેટલાંક કામ સમૂહગત હોય છે. અહીંની પ્રવૃત્તિઓ એને સામાજિક અભિગમવાળો તો ખરો જ, પરંતુ હકારાત્મક (વિધેયાત્મક) અભિગમવાળો પણ બનાવે છે. એ એકાકી અને નકારાત્મક વલણવાળો રહી જ શકે અને આ કારણે જ ભાવિ જીવનમાં કોઈ ઠેસ વાગે ત્યારે તે અંદરથી હાલી જતો નથી પણ સંજોગોનો સામનો કરીને સમય ઉપર સવારી કરે છે.

અહીંની પ્રાતઃ અને સાયં પ્રાર્થના એની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાને દૃઢ કરે છે, વ્યાયામની પ્રવૃત્તિઓ શરીર સૌષ્ઠવ વધારે છે, બાગબગીચા-ચિત્રોની પ્રવૃત્તિ એને કલાત્મક બનાવે છે. સમાચાર-વાચન, ભીંતપત્ર, સામાયિક વગેરે તેની વાચનભૂખને જગાડે છે, રૂમસફાઈ, મેદાનસફાઈ, ટોઈલેટસફાઈ તેનામાં સ્વચ્છતાનો અભિગમ કેળવે છે. નિબંધ, વક્તૃત્વ સ્પર્ધા વગેરે આત્મવિશ્વાસ ઊભો કરે છે. રૂમસફાઈ, રૂમોની પાછળનું ઘાસ કાઢવું, કપડાં ધોવાં, થાળી-વાટકો સાફ કરવાં વગેરે આત્મનિર્ભરતાનો ગુણ શીખવે છે. છાત્રાલયના અને શાળાકીય કાર્યક્રમો જેવા કે સાંસ્કૃતિક અને બુદ્ધિવિષયક કાર્યક્રમો, નાટકો વગેરે એની શક્તિને ધાર કાઢે છે. છાત્રાલયના ભોજનાલયમાં સૌને પોતાની કેપ્ટનશિપ નીચે ન્યાયપૂર્વક પીરસવાની વ્યવસ્થા પોતાની ટુકડી દ્વારા કરાવવાથી એનામાં નેતૃત્વનો ગુણ કેળવાય છે.

આમ, છાત્રાલય એ જીવનની પ્રયોગશાળા અને તાલીમશાળા એમ બંને છે.

# ભગવદ્ગીતામાં સફળ જીવનની ચાવીઓ

**ઉમાશંકર જોશી**

આપણે ત્યાં ધર્મગ્રંથોને પૂજવાનો રિવાજ છે. તે ધર્મગ્રંથો પ્રત્યેનો આપણો આદર બતાવવા માટે હશે. પણ આદર બતાવ્યા બાદ આ ધર્મગ્રંથો શું કહે છે તે સમજવાનો પ્રયત્ન આપણે ભાગ્યે જ કરીએ છીએ. ''આ બધું તો આપમે ઘરડા થઈશું ત્યારે વાંચીશું, અત્યારે ફુરસદ કોને છે ?'' એવા વિચારો યુવાનો કરે છે અને જેમણે ધર્મગ્રંથો જુવાનીમાં ભાગ્યે જ વાંચ્યા હોય અને જેમનામાં પ્રૌઢાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં તે વાંચવાની ધગશ અને તાકાત ન હોય તેવા પ્રૌઢો અને વૃદ્ધો આવા વિચારોને પ્રોત્સાહન આપે છે ! ગીતા, ભાગવત કે રામાયણની પોથી માથા ઉપર મૂકીને વરઘોડામાં ફરી આસ્તિકતાનું પ્રદર્શન કરી વાહવાહ ઘણાએ કરાવી હશે. પણ એ 'આસ્તિકો'એ ગીતા કે ભાગવતનો થોડોઘણો પણ અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે ?

આપણે આ ધર્મગ્રંથોનો થોડો પણ સમજપૂર્વક અભ્યાસ કરીએ તો સફળ જીવન કેમ જિવાય તેની ઘણી ચાવીઓ ઘરેબેઠાં મળી જાય. ક્યાંય બીજે જવાની જરૂર નથી. ચાલો આપણે ભગવદ્ગીતા આપણા રોજબરોજના જીવનને સફળ કરવા માટે શું માર્ગ બતાવે છે તે જોઈએ.

ગીતાના બીજા અધ્યાયનો ઘણો જ પ્રસિદ્ધ શ્લોક છે.

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन
मा कर्मफलहेतुर्भु : मा ते संगोऽस्त्वकर्मणि

**કર્મે અધિકારી તું, ક્યારેય ફળનો નહીં,**
**મા હો કર્મ ફળે દૃષ્ટિ, મા હો રાગ અકર્મમાં.**

આ શ્લોક જીવન જીવવાની બે મહત્ત્વની ચાવીઓ આપે છે :

– આપણે કર્મ કરવાના જ અધિકારી છીએ, કર્મના ફળ ઉપર અધિકારી નથી. માટે કર્મ કરતી વખતે ફળની આશા નહીં રાખવાની.

– આપણે જીવનની કોઈ પણ ક્ષણે 'અકર્મી' એટલે કે કર્મ વિનાના, આળસુ થઈને બેસી ન રહેવું જોઈએ.

જીવનની સફળતા માટે ભગવાને કેવી સુંદર બે ચાવીઓ આપી !

ઘણા લોકો એમ દલીલ કરે છે, ''ફળની આશા વિના કર્મ કરવાનો શો અર્થ ? જીવનમાં કોઈ ધ્યેય તો હોવું જ જોઈએ ને ?''

પણ ભગવાન આપણને ધ્યેય વિના કર્મ કરવાનું કહેતા જ નથી. 'ધ્યેય' અને 'ફળની આશા' એ બે જુદી જુદી બાબતો છે. આપણે જ્યારે કોઈ પણ કામ કરીએ ત્યારે ચોક્કસ ધ્યેય હોવું જરૂરી છે. ધ્યેય વિનાનું કામ અને પહોંચવાનું કોઈ ઠેકાણું ન હોય તેવી મુસાફરી આ બન્ને સરખાં છે. પરંતુ કોઈ એક ચોક્કસ ધ્યેય સાથે કામ કર્યા બાદ ધ્યેયપ્રાપ્તિ અથવા ધારેલા ફળની પ્રાપ્તિ આપણા હાથમાં નથી એ વાત જો ખ્યાલમાં રહે તો જીવનમાં દુઃખ ન થાય અને જીવન ઉત્તરોત્તર પ્રગતિ કરે.

મહાત્મા ગાંધીએ સ્વરાજ મેળવવા ધ્યેય સાથે લડત ચલાવી. સ્વરાજ પ્રાપ્ત થયું. ગાંધીજીનું ધ્યેય હતું અવિભાજ્ય ભારતની આઝાદી. પણ આઝાદી વખતે ભાગલા થયા ! ગાંધીજીએ

વિરોધ કર્યો પણ જવાહરલાલ નહેરુ અને સરદાર પટેલે લૉર્ડ માઉન્ટબૅટન સાથે વાટાઘાટો કરી જે કબૂલ કર્યું તે બાબતોનો કટ્ટર વિરોધ કરી નહેરુ-સરદારને નબળા ન પાડ્યા. તેને બદલે, આ મહાન કર્મયોગીએ હર્ષ કે શોક વિના ઈશ્વર તરફથી મળેલ આ ફળ સ્વીકાર્યું અને તરત જ નોઆખલીનાં રમખાણોમાં ફસાયેલા લોકોનાં આંસુ લૂછવા ચાલ્યા ગયા.

"કર્મે જ અધિકારી તું, ક્યારેય ફળનો નહીં"
– ભગવાનનું આ સૂચન કેટલું વ્યવહારું છે ! આપણે જે કંઈ કર્મ કરીએ તેનું ફળ મળવાનું જ છે, આપણને ગમે કે ના ગમે, તો પછી આપણી સંપૂર્ણ કાર્યક્ષમતા (efficiency)થી કામ કરીને કામની સફળતાની તકો (Chances) વધારીએ કેમ નહીં ? જગતની ઘણી મહાન શોધો આ સિદ્ધાંતને અનુસરીને જ થઈ છે. થોડા દાખલા જોઈએ.

– મૅડમ ક્યુરી પાસે કોઈ સારી પ્રયોગશાળા (Laboratory) ન હતી. છતાંય વર્ષો સુધી મક્કમતાથી (With persistence) અને ખંતથી (with pereseverence) કેટલાય ટન ખાણિયા કોલસા ઉપર પોતાના ઘરના માળિયામાં કામ કરીને, ઘરસંસાર ચલાવતાં પતિ અને પુત્રીની કાળજી લેતાં, આખરે મૅડમ ક્યુરીએ યુરેનિયમની શોધ કરી. પ્રતિકૂળ સંજોગોમાં કાર્યક્ષમ અને ધ્યેયલક્ષી કર્મનું કેવું સુંદર પરિણામ !

– હજારો પ્રયોગોની નિષ્ફળતાથી ગભરાયા વગર, આળસ કર્યા વગર, મક્કમતા, ખંત અને કાર્યક્ષમતાથી દસ હજારથી પણ વધુ નિષ્ફળ પ્રયોગો બાદ સફળતા મેળવી એડિસને વીજળીના દીવાની શોધ કરી !

આમ વાત ઘણી સીધી છે. જીવન જીવવું હોય તો કર્મ કર્યે છૂટકો જ નથી. અને કર્મ કરીએ એટલે એનાં ફળ તો મોડાંવહેલાં અચૂક મળવાનાં જ છે. તો પછી ફળની આશા રાખ્યા વિના અને કાર્યક્ષમતા (कौशलम्)થી આપણાથી થઈ શકે તેટલી સુંદર રીતે અને આળસ કર્યા વિના આપણે કામ કરીએ તો ઈશ્વર શું ન આપે ?

ભગવાનને મેળવવા માટે યોગીઓ પણ આવી રીતે જ કાર્યક્ષમતાથી એકાગ્રચિત્ત થઈ સાધના કરે છે. આથી જ તો ભગવાને યોગની સુંદર વ્યાખ્યા કરી :

योग: कर्मसु कौशलम्

કર્મના કૌશલ્ય (efficiency)ને યોગ કહીને ભગવાને જીવન જીવવાની કેટલી મોટી ચાવી આપી દીધી ! આ એક જ સૂત્રને ધ્યાનમાં રાખીને કામ કરતા જઈ જીવન જીવીએ તો સફળતા મળે જ. યોગની આ વ્યાખ્યા જોઈને એમ લાગતું નથી કે નિરંતર માનવકલ્યાણ માટે કામ કરી રહેલા વૈજ્ઞાનિકે કંઈક અંશે યોગી જ છે ?

હવે સંપૂર્ણ કાર્યક્ષમતાથી અને ખંતપૂર્વક કામ કર્યા બાદ પણ જો આપણને ધાર્યું પરિણામ ન મળે તો શું કરવું ? આ સંજોગોને પહોંચી વળવા ભગવાને બીજી ચાવી બતાવી છે :

संमत्त्वम् योग उच्यते ।

સમતા તે જ યોગ છે.

જે સફળતાથી ફુલાઈ ન જાય અને નિષ્ફળતાથી નિરાશ થઈ આળસુ ન થઈ જાય પણ કાર્યક્ષમતાથી કર્મ કર્યે જાય તેવી વ્યક્તિ જીવનમાં સફળતા મેળવે છે.

આપણે આપણાં બાળકોને જીવનની શરૂઆતથી જ ગીતાનાં સાફલ્ય સૂત્રો શીખવીશું ?

*(ગુજરાતી અનુવાદ કિશોરલાલ મશરૂવાળાના 'ગીતાધ્વનિ'માંથી લીધો છે.)*


('અખંડ આનંદ' 'જુલાઈ, ૨૦૧૧, પૃ. ૬૦-૬૧માંથી સાભાર)

# ગ્રંથસૌરભ

## Timeless Inspirator : Reliving Gandhi

**Editor : Raghunath Mashelkar**

Pub. : Pune : Sakal Publications for Gandhi National Memorial Society, 2nd Oct, 2010., 2nd ed. Jan. 2011 (Paper). 347 p.
ISBN 978-93-80571-71-3 Rs. 95/-




મહાત્મા ગાંધીની પ્રસ્તુતતા વિશે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે પરિસંવાદો વગેરેમાં ચર્ચાઓ તેમજ લેખ યા પુસ્તક સ્વરૂપે ઘણાં પ્રકાશનોમાં પ્રાયઃ સૈદ્ધાંતિક અને આદર્શને કેન્દ્રમાં રાખીને ચર્ચા થયેલી જોવા મળે છે. સમીક્ષિત પુસ્તક 'Timless Inspirator' ગાંધીજીની પ્રસ્તુતતા વિશે ઈનોવેટિવ વિચારોથી ભરપૂર નવીન ભાત ઉપસાવતું, આત્મવિશ્વાસ-શ્રદ્ધા અને સ્વાનુભૂતિના રણકા સાથેનું પ્રયોગસિદ્ધ છે. ગાંધીજીના સિદ્ધાંતો અને મૂલ્યોને દેશના પ્રખર બૌદ્ધિકો કે જેમણે પોતપોતાના વિષયક્ષેત્રમાં સિદ્ધિનાં ઉચ્ચતમ શિખરો સર કરેલાં છે તેવા 'રોલ મોડેલ્સ' વૈજ્ઞાનિકો, અર્થશાસ્ત્રીઓ, બ્યુરોક્રેટ્સ, ઉદ્યોગ માંધાતાઓ, વડાપ્રધાનના સલાહકારો, પ્રબુદ્ધ લેખકો, સંનિષ્ઠ સમાજસેવકો, પત્રકારો, કલાકારો વગેરે આજના સમયમાં કઈ રીતે મૂલવે છે તેની ચર્ચા અહીં ગ્રંથસ્થ છે. આજે જ્યારે ચોમેર ગાંધી મૂલ્યોનો હ્રાસ અને યુવાજગત હતપ્રભ જોવા મળે છે ત્યારે આ પુસ્તક યુવાનો માટે પ્રેરણાસ્રોત બની રહેશે.

આ મહામૂલા અને અનન્ય ગ્રંથની રચનાનો ઇતિહાસ પણ રસપ્રદ છે. તા. ૨ ઑક્ટોબર, ૨૦૦૯ના રોજ ગાંધી જીવનદર્શનનાં સંનિષ્ઠ અનુયાયી દંપતી ડૉ. અભય બંગ અને ડૉ. (શ્રીમતી) રાની બંગને ગાંધી નેશનલ મેમોરિયલ સોસાયટી, પૂના દ્વારા 'બા અને બાપુ' એવાર્ડ એનાયત કરવાના સમારોહના મુખ્ય મહેમાનપદે સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. રઘુનાથ માશેલકરને નિમંત્રવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડૉ. માશેલકરે 'Gandhian Engineering : More From Less For More' વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ ઈનોવેટિવ વિચારોથી અત્યંત પ્રભાવિત થયેલાં સોસાયટીનાં સેક્રેટરી અને ગાંધીદર્શનનાં હિમાયતી શોભનાતાઈ રાનડેએ ડૉ. માશેલકરની રૂબરૂ મુલાકાત લઈને સીધો જ સવાલ કર્યો – 'If a scientist like you can bring Gandhiji's principles and values alive in to-day's world, would it not be interesting to get diverse views from different people and encapsulate in a book ?' અને યા પ્રોજેક્ટની સોંપણી કરી હતી, જેનું આ ફળ છે.

ડૉ. માશેલકર ગાંધી એન્જિનિયરિંગને ૨૧મી સદીમાં ભારતની વિશ્વને ઉગારનાર મહાનતમ ભેટ તરીકે ઓળખાવે છે. ટાટા નેનો, જયપુર ફૂટ, અરવિંદ આઈ કેરની પ્રવૃત્તિ વગેરેને ગાંધીઅન એન્જિનિયરિંગનાં ઉત્તમ ઉદાહરણો તરીકે જુએ છે. તેમણે ગાંધીજીનો સિદ્ધાંત કોઈ વર્ગ માટે નહીં પરંતુ સર્વના લાભાર્થે ઓછા સંસાધનો થકી વધુ ઉત્પાદન

અને તે પણ વધુ નફા માટે નહીં ને જીવનમંત્ર બનાવીને દેશવિદેશના પ્રવાસો દરમ્યાન ઉજાગર કરવા પ્રયાસ કર્યો છે. ડૉ. માશેલકર જણાવે છે કે 'I saw Gandhi through my own lens as a scientist. I have lived of my life as a proponent of application of science to the betterment of humanity.'

સેવાગ્રામમાં ઊછરેલા અને 'રેમન મેગેસેસ' તથા 'મહારાષ્ટ્ર રત્ન' એવોર્ડથી વિભૂષિત ડૉ. અભય બંગ અને ડૉ. રાની બંગ મહારાષ્ટ્રના અતિ પછાત આદિવાસી વિસ્તાર ગડચિરોલીમાં ગાંધીકાર્ય કરી રહ્યાં છે. ડૉ. બંગ દંપતીએ ગાંધીજીના અસહકારના શસ્ત્ર અને શરાબબંધીની માન્યતાને ધ્યાને લઈ ગડચિરોલી વિસ્તારની સ્ત્રીઓ અને યુવાધનનો સહકાર મેળવીને સરકારને આદિવાસી વિસ્તારમાં શરાબની દુકાનો બંધ કરાવવા અને દારૂબંધીનો અમલ કરાવવા ફરજ પાડી શક્યા છે. આશ્ચર્ય તો એ કે આ વિસ્તારની વાર્ષિક વિકાસ યોજના ૧૪૦ મિલિયન રૂપિયા અને શરાબનું વેચાણ ૨૦૦ મિલિયન રૂપિયાનું હતું. ગાંધીજી સાથેનું તાદાત્મ્ય વર્ણવતાં જણાવે છે કે મેં ગાંધીજીને કદાપિ જોયા નથી, છતાં પ્રસંગોપાત્ત તેમને મળવાનું થયું છે, તેમની સતત હાજરી અનુભવી છે. સેવાગ્રામની મુલાકાત વેળાએ બાપુની ઝૂંપડીમાં બાપુને ચરખો કાંતતાં મેં તેમની સાથે વાર્તાલાપ કર્યાની અનુભૂતિ માણી છે.

પ્રતિભાસંપન્ન અર્થશાસ્ત્રી અને રાજનીતિજ્ઞ આબિદ હુસેન ગાંધીસિદ્ધાંતોને સમય અને સ્થળનાં બંધનોથી પર તેમજ ગાંધીવિચાર વગર ભારતની કહાની અધૂરી અને આત્માવિહીન ગણાવે છે. આ ઉપરાંત લોકોના કલ્યાણ અર્થે ટ્રસ્ટીશીપ અને સ્વદેશી વિચારને યથાયોગ્ય ઠેરવે છે.

ભારતમાં ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ આણનાર વિખ્યાત ટેકનોક્રેટ અને NKCના ચેરમેન સામ પિત્રોડા ગાંધીજીને ૨૧મી સદીના નેતા તથા કાલાતીત વ્યક્તિ તેમજ પ્રવર્તમાન સમયમાં હિંમત, ચારિત્ર્ય, શુદ્ધતા, ધ્યેયનિષ્ઠા, બલિદાન, શિસ્ત, નેતૃત્વ, પહેલવૃત્તિના પ્રતીક તરીકે ઓળખાવે છે. વ્યક્તિની ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓ નકકી કરવા માટે માન-અપમાન-અભિમાન-સ્વાભિમાનના અર્થનું આંતરરાષ્ટ્રીયકરણ જે રીતે કર્યું તે તેમની મોટી ઉપલબ્ધિ ગણાવે છે. વધુમાં તેમની મોટામાં મોટી ત્રણ શક્તિઓ નેતૃત્વ, અસહકાર અને સત્યાગ્રહ, તથા કોમ્યૂનિકેટરને આજના સમયમાં પ્રસ્તુત ગણાવે છે.

ગાંધીજીના પૌત્ર અને રાજનીતિજ્ઞ ગોપાલકૃષ્ણ ગાંધી ગાંધીજીના વ્યક્તિત્વને ઉદ્‌ઘાટિત કરતા કેટલાક પ્રસંગો જેમકે બાલ્યવયમાં શેખ મેહતાબની ખરાબ સોબત છતાં તેને દક્ષિણ આફ્રિકામાં આશ્રય આપવો, ડર્બનમાં ગાંધીજીના ખ્રિસ્તી કારકુન પ્રત્યે કસ્તૂરબાનું વલણ, ટૉલ્સ્ટૉય ફાર્મની કેટલીક ઘટનાઓ, ભગતસિંહ વગેરેને ફાંસી, લાલા લજપતરાયનું પોલીસની લાઠીથી અવસાન વગેરેમાં ગાંધીજીના દૃષ્ટિબિંદુનું વિશ્લેષણ કર્યા બાદ નોંધે છે કે 'Can a person who is far, in advance of the times, be anything but 'relevent' ? He has to be that, for generation after generation. But Gandhi has to be more. He has to be redemptive.' સાથે સાથે તેમણે દો–ટૂક શબ્દોમાં નોંધ્યું છે કે છેલ્લાં ૫૦ કે વધુ વર્ષોથી આપણે ગાંધીજીને મંદિરમાં કેદ કર્યા છે. ન ઝડપથી ચાલતા, ન વાતચીત કરતા, ન પ્રશ્ન કરતા કે ન પડકાર ફેંકતા કરી દીધા છે. કાંસ્ય કે આરસની પ્રતિમાઓમાં સ્થિર કર્યા છે. આજે આપણે 'મહાત્મા' ની નહીં, પરંતુ જરૂર છે ભીડમાં રસ્તો કાઢનાર, ગુસ્સામાં પ્રેમ કરનાર, સતર્ક રાખતા કે કાન આંબળતા ગાંધીની ! આજે આપણે તેમને

મુક્ત કરવાની જરૂરત છે કે જેથી આપણી બહુવિધ કટોકટીઓની પળોમાં ખપ લાગે. 'That is the relevance we need, **but do not want.'**

ક્રિકેટર સચિન તેંદુલકર મહાત્મા ગાંધીના સંદેશની આજે સમગ્ર વિશ્વને જરૂરિયાત છે તેમ જણાવીને એક ખેલાડી તરીકે રમતમાં ઉદ્‌ભવતા પ્રશ્નોને હલ કરવા માટે મહાત્મા ગાંધીમાંથી પ્રેરણા લઈને 'Honest disagreement' અપનાવવાની રીતને મહત્ત્વપૂર્ણ ગણાવે છે.

ઈલા ભટ્ટ અને શોભનાતાઈ રાનડે ગાંધીજીએ અગ્રતાક્રમે સ્વીકારેલ કાર્યો સ્ત્રી સશક્તિકરણ, દલિત સ્ત્રીઓ અને બાળકોનાં વિકાસકાર્યો તથા આર્થિક રીતે પગભર કરી સમાજ પરિવર્તનની પ્રવૃત્તિઓને પોતાનો જીવનમંત્ર બનાવ્યો છે. પ્રથમ ભારતીય મહિલા આઈ.પી.એસ. અધિકારી કિરણ બેદી પોલીસ ડિપાર્ટમેન્ટમાં ગાંધી આદર્શો – સત્ય અને કરુણા – અપનાવવા ઉપર ભાર આપી તેને અમલમાં મૂકે છે. તેમણે 'Transformational Model of Policing - The Gandhian way' તૈયાર કર્યું છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી એમ.બી.એ.ની ડિગ્રી મેળવનારં પ્રથમ ભારતીય મહિલા નૈના લાલ કિડવાઈ ગાંધીજીને business and management guru તરીકે ઓળખાવે છે. ભૂલોને સ્વીકારવાની ગાંધીજીની સમજણ ઘણાં મેનેજમેન્ટોએ નિષ્ફળતામાંથી બચવા માટે અપનાવવી રહી. ગાંધીજીના સ્વદેશી અને આર્થિક રીતે આત્મનિર્ભર મોડેલને સફળતાપૂર્વક અમલીકૃત કરનાર 'SEWA', 'RUDI', 'SGMH'ને રોલ મોડેલ્સ તરીકે ગણાવતાં જણાવ્યું છે કે આનાં ઉત્તમ પરિણામો ગાંધીના આદર્શોની પ્રાસંગિકતા અને વ્યવહારિકતા પુરવાર કરે છે. પદ્મભૂષણથી વિભૂષિત સુપ્રસિદ્ધ નૃત્યાંગના મલ્લિકા સારાભાઈએ પોતાના દાદા શેઠ શ્રી અંબાલાલ સારાભાઈના ગાંધીજી સાથેના અંતરંગ સંબંધો આત્મસાત્‌ કરીને 'Centre For Non-Violence Through The Arts'ની સ્થાપના કરી છે અને કલાકારોને કલાના માધ્યમથી ગાંધીજીના અહિંસાદર્શનના પ્રચાર-પ્રસાર માટે પ્રોત્સાહિત કરવાની સાથે સાથે ગ્રામોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓને અગ્રિમતા આપી રહેલ છે.

અનેક વૈશ્વિક એવોર્ડસથી વિભૂષિત Rare distinction scientist અને હરિયાળી ક્રાંતિના જનક એમ.એસ. સ્વામીનાથન ગાંધીજીના આદર્શો to ensure food with human dignityને વાસ્તવમાં પરિવર્તિત કરવા માટે નેશનલ ફૂડ એક્ટની હિમાયત કરે છે અને અપેક્ષા સેવે છે કે તેનાથી ગાંધીજીની hunger free Indiaની ઇચ્છા પરિપૂર્ણ થશે.

આઈટી અને કોર્પોરેટ ગૃહના માંધાતા તથા મૂલ્યોના હિમાયતી નારાયણ મૂર્તિ કોર્પોરેટ ગૃહોમાં ગાંધી મૂલ્યોના અમલને પ્રસ્તુત ગણાવીને નોંધે છે કે 'If we follow his percepts, I am positive we can improve the level of corporate governance tremendously and make this country envy of corporate leaders throughout the worlds.'

દક્ષિણ કેલિફોર્નિયામાં સ્થિત એક અનોખું 'Museum of Tolerance' માનવતાના પૂજારીઓ ડૉ. માર્થિન લ્યુથર કિંગ અને મહાત્મા ગાંધીના આદર્શોને ઉજાગર કરી રહ્યું છે તેના વિશે ત્રણ અમેરિકનોએ વાત કરી છે. આ મ્યુઝિયમ જોઈને ૧૨ વર્ષની કિશોરીના 'Visitor Book'માં નોંધેલા શબ્દો 'I am inspired by the things I see other people do and say to rasist racism, terrorism and prejudice' આંખ ઉઘાડનારા બની રહે છે.

આમ, અહીં નમૂના સ્વરૂપે કેટલાક બૌદ્ધિકોના વિચારો ટાંક્યા છે. આ ઉપરાંત

આઈ.આઈ.એમ.ના પ્રો. અનિલ ગુપ્તા, કૃષિ વૈજ્ઞાનિક અનિલ રાજવંશી, કોર્પોરેટ લીડર અનુ આગા, વડાપ્રધાનની વિજ્ઞાન સલાહકાર સમિતિના સભ્ય કિરણ કર્ણિક, પત્રકાર માર્ક તુલી અને એલ.કે. શર્મા, પદ્મભૂષણ મોહન ધારિયા, પર્યાવરણવિદ્ આર.કે. પચૌરી, ઉદ્યોગપતિ રાહુલ બજાજ, પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપેઈના રાજકીય અને જનસંપર્ક સલાહકાર સુધીન્દ્ર કુલકર્ણી, ભારત સરકારના DST મંત્રાલયના સેક્રેટરી તથા સેન્ટ્રલ લેધર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ધ્રુવતારક ટી. રામસામી વગેરેના કુલ મળીને ૪૬ લેખો અહીં સંગૃહીત છે. આ બધા જ લેખો નવી ઉર્જા અને ચેતના લઈને આવે છે અને નીજી મૂલ્યાંકનનાં ધોરણોએ પ્રવર્તમાન સમયમાં ગાંધીજીની પ્રસ્તુતતા સ્વીકારે છે. આ બધા લેખોના લેખકો પોતપોતાના વિષયક્ષેત્રોમાં અનેકવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પારિતોષિક / એવૉર્ડસથી વિભૂષિત થયેલા છે. દેશનું ગૌરવ અને શાન છે. સંપાદક ડૉ. માશેલકરે નોંધ્યું છે કે 'All these thought leaders brought the Mahatma to alive, in a way that has never been done before.' આમ, આ ગ્રંથનું અવતરણ એ એક અસાધારણ ઘટના સમાન છે.

ગ્રંથસ્થ પ્રત્યેક લેખના પ્રારંભમાં વાચકને પ્રભાવિત કરી મૂકે તેવો પ્રત્યેક લેખકનો એક પેજમાં અર્થસભર અને ઠોસ પરિચય તથા ફોટાના સ્થાને કલાત્મક સ્કેચ આપવામાં આવ્યો છે, તેમજ ગ્રંથાન્તે જે તે લેખોની સંદર્ભસૂચિ આપી છે. લેખોની ગોઠવણી લેખકના પ્રથમ નામના વર્ણાનુક્રમમાં કરવામાં આવી છે. વિશેષ ધ્યાનપાત્ર બાબત એ કે પ્રત્યેક લેખના હાર્દને કેન્દ્રમાં રાખીને તેને અનુરૂપ મહાત્મા ગાંધીનું એ વિષયક અવતરણ લેખના પ્રારંભમાં મૂકવામાં આવ્યું છે. આમ, અહીં વિશિષ્ટ સંપાદકીય સૂઝનાં દર્શન થાય છે. આમ છતાં અહીં લેખકોના સંપર્કસૂત્ર (address)નો અભાવ ખટકે છે. આગામી આવૃત્તિમાં તેની પૂર્તિ અનિવાર્ય બની રહે છે. અહીં સંગૃહીત લેખોના લેખકોનો સૂર આજે મહાત્મા ગાંધીની પ્રસ્તુતતા વધુ છે તેવો રહ્યો છે – આ બાબતને ધ્યાને લેતાં પ્રસ્તુત પુસ્તક ભારતની બધી જ ભાષાઓમાં અનુવાદિત કરવામાં આવે તે જરૂરી બની રહે છે. NBTI, New Delhiએ પોતાની આંતર ભારતી ગ્રંથમાળા હેઠળ આવરી લેવા જેવું બળૂકું અને સત્ત્વશીલ પુસ્તક છે. આજના યુવાનોમાં ગાંધીચિંતનનો પ્રચાર-પ્રસાર વધારવા માટે આ પુસ્તક મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે તેમ નિઃશંક કહી શકાય. પ્રસ્તુત પુસ્તકનાં પ્રેરક શોભનાતાઈ રાનડે અને સંપાદક ડૉ. માશેલકર વિશેષ અભિનંદનનાં અધિકારી બની રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથના સંપાદક વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. રઘુનાથ માશેલકર ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પદ્મભૂષણ, વિશ્વની ૨૮ યુનિવર્સિટીઓ દ્વારા માનદ્ ડિ.લિટ્.ની ડિગ્રી તથા જે. આર. ડી. ટાટા કોર્પોરેટ લીડરશીપ એવોર્ડથી અલંકૃત છે. આ ઉપરાંત વિશ્વના વૈજ્ઞાનિકો માટે સર્વોચ્ચ સન્માન ગણાતું રૉયલ સોસાયટીના ફેલોનું પણ માન મેળવ્યું છે. દેશની ટાટા, રિલાયન્સ જેવી કંપનીઓના બોર્ડસના ડાયરેક્ટર તરીકે પણ સેવાઓ આપે છે. તેમજ ભારત સરકારે ૧૨ હાઈ પાવર કમિશનોના ચેરમનપદે તેમની નિમણૂંક કરીને સેવાઓ લીધી છે. ભારતની CSIR હેઠળની પ્રયોગશાળાઓને અદ્યતન બનાવવામાં તેમનો મોટો ફાળો રહ્યો છે.

અને છેલ્લે પ્રસ્તુત ગ્રંથમાં સંગૃહીત અંતિમ લેખ 'A Mail to Mahatma' (p.૩૩૦-૩૩૮)' 'પદ્મશ્રી' અને 'મહારાષ્ટ્રરત્ન'થી વિભૂષિત વૈજ્ઞાનિક, સંશોધક, ઉદ્યોગપતિ, લેખક, ચિંતક,

તત્ત્વજ્ઞાની, પરમ સુપર કમ્પ્યૂટરના શિલ્પી, વિદ્વત સંસ્થાઓના સ્થાપક એવા બહુમુખી પ્રતિભાસંપન્ન વિજય ભાટકર કૃત છે. અહીં લેખકે ગાંધીયુગીન અને સવિશેષતઃ પ્રવર્તમાનકાલીન ભારતનું ગાંધી આદર્શોને કેન્દ્રમાં રાખીને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં કાવ્યાત્મક ગદ્યમાં યથાતથ, સ-રસ અને કવચિત કટાક્ષમય છતાં અંતતઃ ગાંધી ચીંધ્યા સત્ય અને અહિંસાના માર્ગોમાં શ્રદ્ધા વ્યક્ત કરતું વર્ણન કર્યું છે. આ લેખના કેટલાક અંશો વાચકને ગમશે તે આશાએ અહીં ઉતાર્યા છે :

Dear Mahatma Gandhi,

I do not know whether this mail will reach you. But why not? You are a Mahatma and on that fateful day of 30th January, 1948, your individual consciousness merged in to the universal consciousness that transcends time and space and hence is everywhere.... India is not just its geography. ....to day is its philosophy of Adwaita.... Its spirit of Mahatama Buddha and Mahatma Gandhi.

I do not know in which world you prefer to dwell now and what kind of internet and web they have. In that ethereal world it may be just a web of consciousness.... You type Mahatma Gandhi on Google and you are led to three million entries ? .....

The other day I was in Sevagram.... And I saw there one old archaic phone you were connected to the heart of entire India.... Now you won't belive this, We have over 600 million connections... Believe it or not ICT contributes 10 per cent of our national income....

Gandhiji, this IT has changed India like never before. It is compelling us to redefine the word 'Swadeshi' that earned us our freedom....

You wrote through Harijan, Hind Swaraj, Young India.... I wonder in today's world of internet, web, google, email.... how you would have communicated with the Indians, the British.... I am sure you would have used the power of internet to get India freedom....

It is so difficult to define the word 'Swadeshi' these days. Take computers for example. Chips and parts of software are designed in India, manufactured in Singapore and Taiwan, assembled in China.... Software cannot be burnt as we brunt British made clothes....

Bapuji.... We would be soon teaching British children not only mathematics and science, but also English grammer....

Gandhiji, the richest in UK are now no more Britons but our Indians Laxmi Mittal, Hindujas....

Our villages are getting abandoned and people are migrating to

nearby towns.... Slums of migratory populations.

Mahatma Gandhi, shall I say MG. do you know we have an MG road in every major city of India.... Often the commercial showcase... The Mahatma Gandhi that MG represented has vanished from there forever....

A few months back I had picked up some internationally branded undergarments in a mall on the M. G. Road of Pune.... They were actually made in Tamilnadu.... woven on Japanese machines using Egyptian long staple cotton based on Italian designs.... This is our swadeshi magic !

Corruption is rampant across all the sections of society. Fifty per cent of our economy is black economy; the good news is that we are 5 per cent better off than the number one economy of the world.

Many adventurous and talented have left the shores... The Indian Diaspora may be more than 20 millions..... Vasudev kutumbkam continues to be the spirit of India. But will the benefits fo her riches reach the poorest of the poor, the *Daridra Narayana* ? I cannat say for sure. Will we over come our caste system, religious striff ... We do not know.

આટલું બસ. આ તો પ્રસાદી છે. સંતર્પક સંતૃપ્તિ માટે મૂળ લેખ વાંચવો રહ્યો ! જેમ ગાંધીજી કાળ અને સ્થળ નિરપેક્ષ છે તેમ આ ગ્રંથમણિ કોઈપણ પ્રકારના ગ્રંથાલય અને અંગત ગ્રંથસંગ્રહ માટે પણ અનિવાર્ય આવશ્યકતા સમાન છે.


– મણિભાઈ પ્રજાપતિ

---

## An Anthology of Gujarati Dalit Literature

**Editor : D. S. Mishra.**

Introductoin [Foreword] :
Neerav Patel
Pub : New Delhi : Standard Publishers (India), 2011. XI, 337p.
ISBN 978-81-87471-61-5; RS. 995/-




હિંદુ સમાજ સદીઓથી જ્ઞાતિ અને વર્ણ-વ્યવસ્થાના ચોકઠામાં વહેંચાયેલો અને જકડાયેલો રહ્યો છે. વિડમ્બના તો એ છે કે જે સમાજે દેશ અને દુનિયાને સમાનતા, બંધુતા, સદ્‌ભાવના, વિશ્વશાંતિ, વિશ્વ એક કુટુંબ છે વગેરે જેવા ગુણોનું સતત સિંચન કર્યા કર્યું છે, તે સમાજમાં ઊંચ-નીચ, છૂત-અછૂત, અસ્પૃશ્યતા વગેરે દુર્ગુણો ઘર કરી ગયા છે અને આજે ૨૧મી સદીમાં પણ મહદ્‌અંશે એક યા બીજા સ્વરૂપે બધી જ જાતિઓ અને વર્ણોમાં – દલિતો સહિત – આ પ્રથા ચાલુ

જ છે. અત્યંત દુઃખની વાત એ છે કે કેટલાંક સ્થાપિત હિતો દ્વારા આ અમાનવીય રીતિ-નીતિ ચાલુ રાખવા માટે શાસ્ત્રગ્રંથોમાં વિકૃત વાતો ઘુસાડી દીધી અથવા તો ક્યાંક વિકૃત અર્થઘટનો કરીને અસ્પૃશ્યતાના વ્યવહારને પુષ્ટિ આપવા પ્રયાસ કર્યો. અસ્પૃશ્યતા એ હિંદુ સમાજનું એક મોટું કલંક છે. આ કલંકને દૂર કરવા માટે સમયે સમયે સંતો, ભક્તો, ચિંતકો વગેરે પોતાની જાતની પરવા કર્યા વિના સ્થાપિત પ્રણાલિકા સામે પોતાનો અવાજ નિર્ભિકપણે વ્યક્ત કરતા રહ્યા છે. ભારતીય સાહિત્યકારો પણ આ ક્ષેત્રે સભાનતાપૂર્વક પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવતા રહેલા જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં આદિ ભક્તકવિ નરસિંહ મહેતાથી શરૂ કરી દાસી જીવણ, ત્રિકમ સાહેબ, રવિ સાહેબ, નર્મદ, દલપતરામ, દ્વિરેફ, સુંદરમ્, ઉમાંશકર, ઝવેરચંદ મેઘાણી, ર. વ. દેસાઈ, પ્રિયકાન્ત મણિયાર, રઘુવીર ચૌધરી, ચીનુ મોદી, કિશોરસિંહ સોલંકી વગેરેએ પોતાની રચનાઓમાં અસ્પૃશ્યતાના કલંકને વાચા આપવા પ્રયાસ કર્યો છે. મહાત્મા ગાંધી અસ્પૃશ્યતાના આ કલંકને નિર્મૂળ કરવા આજીવન કટિબદ્ધ બની રહ્યા હતા, જેનો પ્રભાવ ગુજરાતી સાહિત્યમાં ઠીકઠીક માત્રામાં ઝિલાયેલો જોવા મળે છે. ૨૦મી સદીના પ્રખર બૌદ્ધિક ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિતોની દુર્દશાથી વ્યથિત થઈને સૌ દલિતોને સંગઠિત કરી પોતાની સમસ્યાઓના હલ માટે જાગૃત કરવા પ્રયાસ કર્યો અને દલિતચેતનાની સાહિત્યમાં સાર્થક અભિવ્યક્તિ કરવા પ્રેરણા પૂરી પાડી હતી. પરિણામસ્વરૂપે મરાઠીમાં તેનો ભારે પ્રભાવ પડતાં દલિતચેતના વધુ બળવત્તર બની મહોરી રહી છે. ગુજરાતીમાં દલિતો દ્વારા દલિત સાહિત્યની રચના ૧૯૭૦ આસપાસ શરૂ થઈ, જે આજે વિવિધ સાહિત્યસ્વરૂપોમાં પોતાનું આગવું કાઠું કાઢી રહેલી જોવા મળે છે, જે વિષયવસ્તુ અને કલાની દૃષ્ટિએ મરાઠી દલિત સાહિત્યની માફક નવતર ઓળખ પ્રસ્થાપિત કરશે, જે તેના પ્રમુખ અને નવોદિત સર્જકોની પ્રતિભાને ધ્યાને લેતાં સ્પષ્ટ પ્રતીત થાય છે.

સમીક્ષિત ગ્રંથમાં વિવિધ સાહિત્ય સ્વરૂપો જેમ કે કવિતા – ૫૪, ટૂંકીવાર્તા - ૭, નવલકથાના અંશો – ૫, નાટક – ૩ અને આત્મકથાના અંશો – ૫ મળીને કુલ ૭૪ રચનાઓના અંગ્રેજી અનુવાદોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ બધી કૃતિઓ ૩૭ સર્જકોની છે. આ પૈકી ૫ સ્ત્રી કવયિત્રીઓ / લેખિકાઓ – ઉષા મકવાણા, મીના કામલે, પ્રિયંકા કલ્પિત, જશુમતી પરમાર અને દક્ષા દામોદર – છે, જે વિશેષ ધ્યાનપાત્ર અને અભિનંદનીય બાબત છે. ૩૭ સર્જકો પૈકી પ્રવીણ ગઢવીને બાદ કરતાં બાકીના બધા જ દલિત સર્જકો છે. સંગૃહીત રચનાઓની સંખ્યાની દૃષ્ટિએ પૃથક્કરણ કરતાં પ્રતીત થાય છે કે વિવિધ સાહિત્ય સ્વરૂપોમાંથી દલપત ચૌહાણ, હરીશ મંગલમ અને નીરવ પટેલની ૫-૫ કૃતિઓ, ભી. ન. વણકરની ૪ કૃતિઓ, મોહન પરમાર, કિશન સોસા, પ્રવીણ ગઢવી વગેરેની ૩-૩, ૮ સર્જકોની ૨-૨ અને ૧૮ સર્જકોની ૧-૧ કૃતિ અહીં સમાવિષ્ટ કરવામાં આવી છે. આ બધા સર્જકો પૈકી જોસેફ મેકવાન, દલપત ચૌહાણ, મોહન પરમાર, હરીશ મંગલમ, નીરવ પટેલ, ભી. ન. વણકર, શંકર પેઈન્ટર, કિશન સોસા, બી. કેશરશિવમ્ વગેરે દલિત સર્જકો દલિત સાહિત્યના પ્રાણવાન અને શીર્ષસ્થ સર્જકો હોવા ઉપરાંત ગુજરાતી સાહિત્યની મુખ્ય ધારામાં પણ તેમનું પ્રદાન સત્ત્વશીલ ગણાયું છે. અહીં સંગૃહીત કૃતિઓમાં દલિતાએ વેઠેલાં દુઃખ-દર્દ અને વ્યથાની અભિવ્યક્તિ અનુભવજન્ય હોવાથી સમાજશાસ્ત્રીય અભ્યાસ માટે દસ્તાવેજી સામગ્રીનું મૂલ્ય ધરાવે છે. આ સંદર્ભે કવિ હરીશ મંગલમના શબ્દો : But only literature written by writers that

come from dalit communities has the authority of experience and the ring of truth.' વધુ સ્વીકાર્ય બની રહે છે. દલિત સમાજ–વ્યવસ્થા અને તેમની સમસ્યાઓ, બોલીગત વૈશિષ્ઠ્યતા, દલિતોની માનસિકતા વગેરેની જાણકારી માટે પણ આ સંપાદન મહત્ત્વનું બની રહેશે. અને તે સવિશેષતઃ બિન-ગુજરાતી ભાષી વાચકો માટે વિશેષ ઉપકારક નીવડશે.

પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવના (Introducation) ગુજરાતી કવિતાના નોંધપાત્ર કવિ અને વિદગ્ધ સર્જક નીરવ પટેલકૃત છે, જે તેમની દલિત સમસ્યા અને દલિત ચેતનાના મર્મજ્ઞ અભ્યાસી તરીકેની સ્પષ્ટ પ્રતીતિકારક બની રહી છે. અહીં નીરવ પટેલે ભારતીય સમાજવ્યવસ્થા અને દલિતસમસ્યાની ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પ્રવર્તમાન સમય સુધીની સંશોધનાત્મક અભિગમથી વિસ્તારથી છણાવટ કરી છે. મહાત્મા ગાંધી અને ડૉ. બાબાસાહેબ આંબેડકરનું દલિતોદ્ધાર માટેનું કાર્ય, 'Dalit Voice'ના સંપાદક બિનદલિત સર્જક વી. ટી. રાજશેખર, દલિત પેન્થર્સ દ્વારા પ્રકાશિત સામયિક 'આક્રોશ' (૧૯૭૮), દલિત ચેતના અને મહાત્મા ગાંધીના જીવન-દર્શનનો ગુજરાતી સાહિત્ય ઉપર પ્રભાવ વગેરેની પણ તેમણે સટિપ્પણ નોંધ લીધી છે. દલિતોને પક્ષ કોણ લઈ શકે, તેમના સમર્થનમાં કોણ બોલી શકે તે સંદર્ભે સોદાહરણ વિસ્તારથી ચર્ચા છેડી છે, આ પૈકી તેમનાં કેટલાંક વિધાનો જેમકે 'The hardcore Hindu nationlists and communalists and sworn enemy of thr dalits like BJP, RSS, VHP, Shiv Sena, Bajarangdal all occasionally claim to speak for the dalit' (P.9),... This kind of malicious thinking of Mahatma Gandhi herdly qualifies him speak for dalits' (p.15) કેટલે અંશે સ્વીકાર્ય બની શકે ? આવાં વિધાનોની ઔચિત્યતા કેટલી ? મહાત્મા ગાંધીની અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિઓ અને ધ્યેયનિષ્ઠાને તત્કાલીન સામાજિક અને રાજકીય પરિસ્થિતિના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રહીને મૂલવી હોત તો નીરવ પટેલ પૂ. બાપુને સાચી રીતે ઓળખી શક્યા હોત ! નેલ્સન મંડેલાનું ગાંધીની મુલવણી સંદર્ભેનું વિધાન 'All in all, Gandhi must be judged in the context of the time and the circumstances.' મુલવણી કર્તાઓએ નજર સમક્ષ રાખવું રહ્યું ! 'દલિત' એટલે શું ? દલિત સાહિત્ય એટલે શું ? તેની ચર્ચા તેમણે પ્રવીણ ગઢવી, ઇન્દુકુમાર જાની, દીપક મહેતા, દલપત ચૌહાણ, ભી. ન. વણકર, ચંદુ મહેરિયા વગેરેનાં મંતવ્યોનું તેમજ જાણીતા નવલકથાકાર મોહન પરમાર દ્વારા દલિત સર્જકોને ૪ વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે તેનું વિશ્લેષણ રજૂ કર્યું છે. જો કે આ પ્રસ્તાવનામાં ગુજરાતી દલિત સાહિત્ય અને અહીં ગ્રંથસ્થ કૃતિઓ અને કર્તાઓનું તેમાં સ્થાન વિશે વિશદ ચર્ચા કરવામાં આવી હોત તો તે પ્રાસંગિક અને વિશેષ આવકાર્ય બની રહેત.

ગ્રંથના સંપાદક ઈમેરિટસ પ્રો. મિશ્રા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના અંગ્રેજી વિભાગના સેવાનિવૃત્ત અધ્યક્ષ છે. દલિત સાહિત્યના અભ્યાસી સંપાદકશ્રીનો ગુજરાતી દલિત સાહિત્યને ગુજરાતના સીમાડાઓ બહાર લઈ જવાનો આ પ્રયાસ વિશેષ આવકાર્ય અને અભિનંદનીય છે. પ્રસ્તુત હેતુસર અનુવાદકોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોવા છતાં ગ્રંથના અનુક્રમમાં જે-તે કૃતિના કર્તાના નામની સાથે અનુવાદકના નામનો કે ગ્રંથનો અંતમાં આપવામાં આવેલી

Indexમાં પણ અનુવાદકોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. હા, માત્ર જે-તે કૃતિના અનુવાદની નીચે અનુવાદકનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ તે પર્યાપ્ત ન ગણાય. સંપાદિત/અનુવાદિત ગ્રંથોના કેસમાં મૂળ કર્તા અને કૃતિ પરિચયો આવશ્યક હોવા છતાં અહીં તેનો સદંતર અભાવ જોવા મળે છે. આ ઉપરાંત અહીં સમાવિષ્ટ કૃતિ કર્તાના કયા ગ્રંથ કે સ્રોતમાંથી લેવામાં આવી છે તેનો કે અનુવાદિત કૃતિના મૂળ શીર્ષકનો પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ઉદા. તરીકે નવલકથા વિભાગમાં સુપ્રસિદ્ધ નવલકથાકાર જોસેફ મેકવાનની નવલકથા 'આંગળિયાત'માંથી એક પ્રકરણ અહીં પસંદ કરવામાં આવ્યું છે, જેનું શીર્ષક 'આંગળિયાત' આપ્યું છે. હકીકતમાં 'આંગળિયાત' મૂળ નવલકથા કુલ ૨૫ પ્રકરણોમાં વિભાજિત છે અને પ્રકરણોનાં કોઈ સ્વતંત્ર શીર્ષક આપવામાં આવ્યાં નથી. તેથી આ પ્રકરણ કે અંશનો મૂળ પાઠ કયાં પૃષ્ઠો ઉપર છે તે શોધવાનું કાર્ય વાચક માટે એક સમસ્યા સમાન છે. પ્રત્યક્ષ શોધના અંતે સમજાયું કે આ અનુવાદ પ્રકરણ-૩નો છે, જે મૂળ નવલકથાના પૃ. ૧૬-૨૩ ઉપર મુદ્રિત છે. આ જ પ્રકારનાં ઉદાહરણો મોહન પરમાર કૃત 'ડાયા પશાની વાડી' અને અન્ય નવલકથાઓ સંદર્ભે આપી શકાય. અનુવાદકાર્ય શિથિલ અનુભવાતું હોવા છતાં આ દિશાનો પ્રયાસ સરાહનીય બની રહે છે. આ પૂર્વે ગુજરાતી દલિત સાહિત્યના અંગ્રેજીમાં અવતરણના 'The Silver Lining', 'Eklavya with Thumb' વગેરે જેવા બે-ત્રણ પ્રયાસો થયા છે, તે પૈકી આ એક વ્યાપક અને પ્રતિનિધિસ્વરૂપ ગણી શકાય તેવો નીરવ પટેલની બળૂકી પ્રસ્તાવના સાથેનો ધ્યેયનિષ્ઠ પ્રયાસ છે.

ગ્રંથનું મુદ્રણ, બાઈન્ડીંગ, કથ્ય સાથે સંબંધિત દલિત સમાજની દારુણ સ્થિતિને વાચા આપતું કલાત્મક આવરણ પૃષ્ઠ અને સમગ્ર લે-આઉટ ચિત્તાકર્ષક છે. આ માટે દૃષ્ટિસંપન્ન પ્રકાશક શ્રી મોહિન્દર કે વશિષ્ઠ વિશેષ અભિનંદનના અધિકારી બની રહે છે.

– **મણિભાઈ પ્રજાપતિ**

## આપણે પ્રસ્તુત છીએ ?

*ગાંધીજી આજના યુગમાં પ્રસ્તુત છે ? આવો સવાલ વારંવાર પુછાય છે. ગાંધીજી પ્રસ્તુત છે કે નહીં એ મૂળ સવાલ નથી. અસલ સવાલ છે, આપણે પોતે અત્યારે, અહીંયાં પ્રસ્તુત છીએ ?*

*હાલના એકમાત્ર 'સુપરપાવર'ની વૈશ્વિકીકરણ અને મુક્ત બજારોની નીતિથી આપણા ગરીબ દેશબાંધવોનો, ગરીબોનો મરો છે એમ લાગતું હોય તો હાલના કોઈ પ્રસ્તુત મહાત્માની એટલી નૈતિક હિંમત છે કે, 'સ્યૂપરપાવર'ની સામે પડી કહે કે, અમારા ગરીબોને છાસ-રોટલા ભેગા થવા દો. તમારા પિત્ઝા, બર્ગર, કોકાકોલા ને પેપ્સી અમારા માથે ન મારો. હિંમતવાન માટે ગાંધી આજે પણ પ્રસ્તુત છે. બુઝદિલ, બીકણ માટે ગાંધી ત્યારેય પ્રસ્તુત ન હતા, આજેય નથી.*

– **આદમ ઘોડીવાળા**

# સંસ્થા-વૃત્ત

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### કડી સર્વ વિશ્વવિદ્યાલય : તૃતીય યુવક મહોત્સવ 'સંગત–૨૦૧૧'

કડી સર્વ વિશ્વવિદ્યાલયના તૃતીય યુવક મહોત્સવ સંગત – ૨૦૧૧નો ઉદ્દ્ઘાટન સમારોહ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વાઈસ ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલના અધ્યક્ષપદે અને ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના યજમાનપદે તા.૧૮/૯/૨૦૧૧ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સેક્ટર–૧૫થી પર્યાવરણીય સાંસ્કૃતિક રેલી યોજવામાં આવેલ, જેમાં યુનિવર્સિટી સંલગ્ન ૧૫ કૉલેજોના ૬૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પર્યાવરણનાં વિવિધ બેનર્સ તેમજ નૃત્ય, ગરબા અને ડાન્સ રજૂ કર્યાં હતાં. યુવક મહોત્સવની આ રેલી ઘ–૫ થઈને સેક્ટર–૨૩ કડી કેમ્પસ પર આવી હતી. ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન અને યુથ ફેસ્ટીવલનાં ચીફ કો-ઓર્ડિનેટર ડૉ. વીણાબેન પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને સમારોહના અધ્યક્ષ મહોદયનું સ્વાગત તુલસીનો છોડ અર્પણ કરીને કર્યું હતું. ઉપસ્થિત મહેમાનો સર્વશ્રી શ્રી ડી. ટી. કાપડિયા (ડાયરેક્ટર, કડી સર્વ વિશ્વવિદ્યાલય) પ્રિ. ડૉ. જયેન્દ્ર ભટ્ટ, ડૉ. એન. એન. જાની, રજિસ્ટ્રાર શ્રી એસ. કે. મંત્રાલા, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ વગેરેનું સ્વાગત તુલસીના છોડ અને 'વૃક્ષ વૃદ્ધિ એ જ સમૃદ્ધિ' સૂત્ર લખેલ કાર્ડ આપીને કરવામાં આવ્યું હતું.

અધ્યક્ષસ્થાનેથી શ્રી વલ્લભભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્દ્બોધનમાં જણાવ્યું કે સર્વ વિદ્યાલયના આદ્યસ્થાપક પૂ. છગનભાની અડગ ધ્યેયસાધના અને કાર્યનિષ્ઠાના પરિણામે એક બૉર્ડિંગથી શરૂ થયેલી સંસ્થા આજે યુનિવર્સિટી સુધી વિસ્તરીને વટવૃક્ષ બની મહોરી રહી છે. વિદ્યાર્થીઓએ પૂ. છગનભાના ચરિત્રમાંથી શીખ લઈને પોતાનું ધ્યેય નકકી કરીને ઉજ્જ્વળ ભવિષ્ય માટે કઠોર પુરુષાર્થ કરવો જોઈએ. આપણાં શિક્ષણધામો જ્ઞાન, સંસ્કાર અને શિક્ષણનાં ત્રિવેણી સંગમ છે. યુવક મહોત્સવના આયોજન પાછળનો મૂળ હેતુ વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું અને તેને ઉત્તેજન આપવાનું રહ્યું છે. સર્વ વિદ્યાલયની સર્વ નેતૃત્વની પરંપરા ઉજ્જ્વળ રહી છે. તેના વિદ્યાર્થીઓ આ સંસ્થાનું ભવિષ્ય છે. આપ સૌનું આ સંસ્થાના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન મળી રહેશે તેવી અભ્યર્થના સેવું છું. કાર્યક્રમના અંતમાં ડૉ. કુસુમબેન યાદવે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

તારીખ ૧૯ સપ્ટેમ્બરના રોજ યોજાયેલ પૂર્ણાહુતિ સમારોહ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીના પ્રિન્સિપાલ ડૉ. આર.જે. વ્યાસે કર્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલનું સ્વાગત તુલસીનો છોડ અર્પણ કરી ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબેન પટેલે કર્યું હતું. ઉપસ્થિત મહેમાનોમાં ગાંધીનગર સમાચારના સંપાદક કૃષ્ણકાન્ત જહા, રજિસ્ટ્રાર શ્રી એસ. કે. મંત્રાલા વગેરેનું સ્વાગત પણ તુલસીનો છોડ અર્પણ કરીને કરવામાં આવ્યું હતું.

'ગાંધીનગર સમાચાર'ના સંપાદક શ્રી કૃષ્ણકાન્ત જહાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે ગાંધીનગરને શિક્ષણનું ધામ બનાવવામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો ખૂબ મોટો ફાળો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓની અંદર પડેલી ચેતનાને અભિવ્યક્ત કરવાની તક એટલે યુવક મહોત્સવ. સંસ્થાના વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલે પણ પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ ભાવિ દિશાસૂચન કર્યું હતું.

પૂર્ણાહુતિ સમારોહના અંતે જુદી જુદી ઈવેન્ટોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર વિજેતાઓને ઇનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના અંતે એસ.એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના એચ.ઓ.ડી. ડૉ. દીપકભાઈ પંડ્યાએ સર્વે મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

વિવિધ સ્પર્ધાઓનું પરિણામ નીચે મુજબ છે :

**શાસ્ત્રીય સંગીત :** પ્રથમ : એસ.કે.પટેલ એમ.સી.એ. ડિપાર્ટમેન્ટ, દ્વિતીય : એ.એ.પટેલ કૉમર્સ કૉલેજ, તૃતીય : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી. **વાદ્યસંગીત :** પ્રથમ : એ.એ.પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : બી.પી.કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ બીસીએ, તૃતીય : એમ.એસ.સી. આઈ.ટી. ડિપાર્ટમેન્ટ. **હળવું કંઠ્યસંગીત (ભારતીય) :** પ્રથમ : એ.એ. પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : એમ.એસ.સી. બાયો ઈન્ફૉર્મેટીકસ, તૃતીય : સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન. **હળવું કંઠ્યસંગીત (પાશ્ચાત્ય) :** પ્રથમ : એમ.એસસી.-આઈ.ટી. ડિપાર્ટમેન્ટ, દ્વિતીય : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન, તૃતીય : એ.એ. પટેલ કૉમર્સ કૉલેજ. **સમૂહગીત (ભારતીય) :** પ્રથમ : એ.એ. પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, તૃતીય : એસ.એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન. **સ્કીટ :** પ્રથમ : એ.એ. પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : એસ.કે. પટેલ એમબીએ. ડિપાર્ટમેન્ટ, તૃતીય : સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન. **માઈમ :** પ્રથમ : વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, દ્વિતીય : એસ.કે. પટેલ એમબીએ. ડિપાર્ટમેન્ટ, તૃતીય : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી. **મિમિક્રી :** પ્રથમ : એ.એ.પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : બી. પી. કૉલેજ ઑફ બીબીએ, તૃતીય : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન. **મોનો એક્ટીંગ :** પ્રથમ : આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, દ્વિતીય : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી, તૃતીય : એસ.કે. પટેલ એમ.સી.એ. ડિપાર્ટમેન્ટ. **લોક/નૃત્ય :** એ.એ.પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : બી.પી. કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ બીસીએ, તૃતીય : એસ.એસ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન. **શાસ્ત્રીય નૃત્ય :** પ્રથમ : એમ.એસસી. બાયો ઈન્ફૉર્મેટીકસ, દ્વિતીય : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી, તૃતીય : એ.એ.પટેલ કૉમર્સ કૉલેજ. **શીઘ્ર વક્તૃત્વ :** પ્રથમ : એ.એ.પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : બી.પી. કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ બીસીએ, તૃતીય : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન. **ચર્ચા :** પ્રથમ : એસ.કે.પટેલ એમ.સી.એ. ડિપાર્ટમેન્ટ, દ્વિતીય : બી.પી. કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ બીસીએ, તૃતીય : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન. **પાદપૂર્તિ :** કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન, દ્વિતીય : એ.એ. પટેલ કૉમર્સ કૉલેજ, તૃતીય : બી. પી. કૉલેજ ઑફ બીબીએ. **કાવ્યપઠન :** પ્રથમ : એ.એ. પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી, તૃતીય : સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન. **વક્તૃત્વ :** પ્રથમ : સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, દ્વિતીય : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ

ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન, તૃતીય : આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ એમ બી.એડ્. કૉલેજ. **ક્વિઝ :** પ્રથમ : આર. એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ એમ બી.એડ્. કૉલેજ, દ્વિતીય : એસ.કે.પટેલ એમ.બી.એ. ડિપાર્ટમેન્ટ, તૃતીય : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન. **શીઘ્ર ચિત્ર :** પ્રથમ : એસ.કે. પટેલ એમ.સી.એ. ડિપાર્ટમેન્ટ, દ્વિતીય : એ.એ. પટેલ કૉમર્સ કૉલેજ, તૃતીય : ચંચળબેન એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ. **કોલાજ :** પ્રથમ : એસ.એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, દ્વિતીય : આર. એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, તૃતીય : વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન. **પોસ્ટર બનાવવાં :** પ્રથમ : એ.એ. પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : ચંચળબેન એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, તૃતીય : એસ.એસ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન. **કલે મોડલિંગ :** પ્રથમ : એ.એ.પટેલ કૉમર્સ કૉલેજ, દ્વિતીય : ચંચળબેન એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, તૃતીય : સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન. **કાર્ટૂનિંગ :** પ્રથમ : કે.બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન, દ્વિતીય : આર. એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, તૃતીય : એ.એ.પટેલ કૉમર્સ કૉલેજ. **રંગોળી :** પ્રથમ : એમ.એસસી. આઈ.ટી., દ્વિતીય : બી.પી. કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ બીસીએ, તૃતીય : ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેકનોલોજી.

## કાર્યશિબિર

• આર. એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ અને એસ.એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા ઈન્ટેલ અને ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (K.S.V.)ના સંયુક્ત ઉપક્રમે અધ્યાપકોની કમ્પ્યૂટર ક્ષેત્રની શૈક્ષણિક સજ્જતામાં વધારો કરવાના હેતુથી એડવાન્સ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન વિષય પર કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં ઈન્ટેલ વિભાગના એક્ષપર્ટ શ્રી ધર્મેશ આચાર્યએ વર્કશોપમાં ભાગલેનાર વિવિધ એજ્યુકેશન કૉલેજોના અધ્યાપકો અને તાલીમાર્થીઓને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનમાં ડિઝાઈન અને ડેવલપમેન્ટનો શિક્ષણક્ષેત્રે ઉપયોગ કરવા સંદર્ભે વિસ્તૃત માહિતી આપવા ઉપરાંત ૨૧મી સદીનાં કૌશલ્યો, સમૂહ પ્રત્યાયન કૌશલ્યો, ટેકનોલોજી કૌશલ્ય, કોગ્નેટિવ કૌશલ્ય, સેલ્ફ મેનેજમેન્ટ કૌશલ્ય, પોઝેટીવ એપ્ટીટ્યૂડ, હાયર ઓર્ડર થિંકિંગ તેમજ પ્રોબ્લેમ સોલ્વિંગ કૌશલ્યો વિષેની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થઈ હતી.

• એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા MBAના વિદ્યાર્થીઓને સામાજિક જવાબદારી પ્રત્યે સભાનતા કેળવવા 'Teach India' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ ગ્રૂપ બનાવી ગાંધીનગરની આસપાસનાં ગામડાંઓ વાવોલ, પુન્દ્રાસણ, કોલવડા, પેથાપુર અને બોરીઝ શાળાના વિદ્યાર્થીઓ સાથે એક દિવસ જેટલો સમય વિતાવ્યો હતો. વિદ્યાર્થીઓએ – શિક્ષણ, અવનવી રમતો, કારકિર્દીને લગતી માહિતીથી શાળાના વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ વિદ્યાર્થીઓએ શાળાના વિદ્યાર્થીઓની સામે આવનાર ભાવિ પડકારો અને તેમની ક્ષમતાઓ સંબંધી નવી ચેતના પૂરી પાડી હતી.

## ગાંધી જયંતી

સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજમાં ગાંધીજયંતી નિમિત્તે પ્રાર્થનાસભામાં ગીતો, ભજનો તેમજ ગાંધીજીના જીવનચરિત્રનું આલેખન કરતું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, તેમજ વિવિધ બુલેટિન બોર્ડની સજાવટ ઉપરાંત સફાઈ અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## નેતૃત્વ શિબિર

કડી સર્વ વિશ્વવિદ્યાલય અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે સર્વ નેતૃત્વ શિબિરનું તા. ૨૭ સપ્ટે.થી ૧ ઑક્ટોબર, ૨૦૧૧ દરમ્યાન અરણ્ય પાર્ક, ગીર ફાઉન્ડેશન, બસન ગામ પાસે, ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મુખ્ય પ્રશિક્ષક તરીકે કોર્પોરેટ ટ્રેઈનર શ્રી સુરેશ પટેલે સેવાઓ આપી હતી.

## પરિસંવાદ

• એસ.કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગરના નીચેના અધ્યાપકોએ તા. ૨૬/૨૭ ઑગસ્ટ, ૨૦૧૧માં GTU Marwadi Finance Conference, AMA, Ahmedabadમાં શોધપત્રો રજૂ કર્યાં હતાં. ૧. Prof. Sonu V. Gupta : Measuring Performance of Microfinance Institutions in India. ૨. Prof. Prakash M. Chawla : Real Option Analysis Using Black Scholes Model. ૩. Prof. Parnika Jha : Efficiency in Indian Banking Industry : Data Envelopment Analysis of Public and Private Sector Banks. ૪. Prof. Lity Denice : Efficiency in Indian Banking Industry : Data Envelopment Analysis of public and Private Sector Banks. ૫. Prof. Sandhya Harkawat : Working Capital Management and Profitability in S & P CNX Nifty Index Companies. ૬. Prof. Sandhya Harkawat, Parag Soni (Students) અને Rahesh (Students) : Analysis of Immediate, Short run and Long run Performance of IPOs in Indian Capital Market (NSE). અને ૭. Yesha Sheth : Efficiency in Indian Banking Industry : Data Envelopment Analysis of public and Private Sector Banks. આ ઉપરાંત ૮ વિદ્યાર્થીઓએ આ પરિસંવાદમાં ભાગ લીધો હતો.

• એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા તા. ૨૩-૯-૨૦૧૧ના રોજ Marketing Seminarના આયોજન અંતર્ગત Prof. L. N. D'souza, Prof. Mignesh Parekh અને Prof. Rohit Agrawalએ વિદ્યાર્થીઓને 'Marketing'માં Product અને Branding વચ્ચેનો ફરક, ગ્રાહકની માનસિકતા, Brand Equity અને Exports કરવા માટે પાયાની વાતો પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

• ફોરિન એકસચેન્જ માર્કેટની કાર્યશૈલીથી વિદ્યાર્થીઓ સુપરિચિત બને તે હેતુસર અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તજ્જ્ઞ તરીકે શ્રી હર્ષ જપ્પી (ફોરેક્સ માર્કેટ એનાલિસ્ટ એન્ડ ટ્રેઈનર)એ સેવાઓ આપી હતી.

## પર્યાવરણ શિક્ષણ

પર્યાવરણ શિક્ષણ સંબંધી જાણકારી તથા પ્રવૃત્તિઓથી પરિચિત બનવા માટે આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓએ તા. ૩૦-૯-૧૧ દિવસે ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે આ સંસ્થાની સ્થાપના, તેનું સંચાલન, વિવિધ વનસ્પતિઓ – પ્રજાતિઓ, ફૂલ-છોડ, વૃક્ષો, જળચર, ભૂચર, ખેચર . જેવા પ્રાણીઓની વિવિધ જાતિઓ તેમની જીવનશૈલી, તેમના માટે રખાતી માવજત, બિમારીમાં નિદાન-ઉપચાર પ્રવૃત્તિઓ વગેરેની વિસ્તૃત જાણકારી મેળવીને વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો હતો.

## પોસ્ટર્સ મેકીંગ સ્પર્ધા

સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઈંગ્લિશ મીડિયમ કૉલેજ દ્વારા તાલીમાર્થીઓમાં રચનાત્મક પ્રવૃત્તિઓનો વિકાસ કરતા માટે પોસ્ટર્સ મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ 'વૃક્ષ બચાવો અને પર્યાવરણ'ના સંદર્ભમાં ખૂબ જ સંદર પોસ્ટર્સ બનાવ્યાં હતા. આ સ્પર્ધામાં કૉલેજનું શ્યામજી કૃષ્ણ વર્મા ગૃપ પ્રથમ સ્થાને રહ્યું હતું.

## રક્તદાન

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪-૦૮-૨૦૧૧ના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એસ.એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ કૉલેજ ઑફ એજ્યુકેશન અને વકીલ શ્રી ડી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ, અધ્યાપકો, તેમજ કડી સર્વ વિદ્યાલયની અન્ય સંસ્થાના અધ્યાપકો અને કર્મચારીઓએ કુલ ૨૫ બોટલ રક્તદાન કર્યું હતું.

## રાષ્ટ્રીય ગીત સમૂહગાન સ્પર્ધા

આર. એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગર દ્વારા પ્રશિણાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવા માટે વીર શહીદોની કુરબાની અને સામાજિક-ધાર્મિક એકતાની ભાવનાને નજર સમક્ષ રાખીને શૌર્યગીતો વગેરેના સમૂહગાનની સ્પર્ધાનું આયોજન ૨૫ ઓગસ્ટ, ૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના પ્રોત્સાહન અર્થે અધ્યાપકો પણ સમૂહગાન સ્પર્ધાના કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમના આયોજનમાં કૉલેજનાં વડાં ડૉ. કુસુમ યાદવ અને કૉલેજ પરિવારની સક્રિય ભાગીદારી રહી હતી.

## વક્તૃત્વ

• વિશ્વ જનસંખ્યા દિવસના સંદર્ભે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઈંગ્લિશ મીડિયમ કૉલેજ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ૧. આબેદા મહેંદી ૨. નીરજ પટેલ ૩. ઝૈનબ શાહ વિજેતા થયા હતા.

• એસ.એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને શ્રી અરવિંદ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તાલીમાર્થીઓમાં પ્રકૃતિવાદનો સિદ્ધાંત તેમજ આદર્શ બાળકની લાક્ષણિકતાઓની સમજ કેળવાય તે હેતુથી તા. ૩૦-૯-૨૦૧૧ના રોજ જ્યોતિ થાનકી લિખિત 'સર્વાંગી શિક્ષણ' પુસ્તક આધારિત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સ્થાને પટેલ હીનાબેન, પટેલ વંદના અને ડામોર મહેન્દ્રભાઈ દ્વિતીય સ્થાન અને સોલંકી શીવલએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વક્તૃત્વ સ્પર્ધામાં લેખિકા જ્યોતિ થાનકી પણ ઉપસ્થિતિ રહ્યાં હતાં અને તેમણે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

## વ્યાખ્યાન

• વકીલશ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનનાં અધ્યક્ષા ડૉ. વીણાબેન પટેલે તા. ૫-૯-૨૦૧૧ના રોજ એસ. પી. યુનિવર્સિટી સંલગ્ન એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં 'શિક્ષક પ્રતિબદ્ધતા વિષય પર કસોટી' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનિકલ ટીચર્સ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના પ્રા. દીપકભાઈ પંડ્યાએ 'માર્ગદર્શન અને સલાહ' વિષય પર સમીક્ષા કરી હતી. જ્યારે પ્રા. દેવાંગભાઈ મહેતાએ 'યુઝ ઑફ મીડિયા ઈન ક્લાસરૂમ ઈન્ટરેક્શન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

• તા. ૭-૮-૧૧ના રોજ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન દ્વારા M.Ed. અને M.Phil.ના વિદ્યાર્થીઓ માટે 'સંશોધનનાં ક્ષેત્રો' વિષય પર GCERTના રિસર્ચ એસોસિયેટ શ્રી મનોજભાઈ કોરડિયાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં મહેમાનશ્રીનો પરિચય વિભાગનાં અધ્યક્ષા ડૉ. વીણાબેન પટેલે આપ્યો હતો.

• સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઈંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૬-૯-૨૦૧૧ના રોજ ડૉ. ધર્મેન્દ્ર પટેલનું 'આપણા જીવનમાં આયુર્વેદનું મહત્ત્વ' વિશે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની તબીબી તપાસ પણ કરાવવામાં આવી હતી.

• એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા MBAના અભ્યાસક્રમને અનુલક્ષીને Corporate Lecturerનું આયોજન કરવામાં આવ્યું. જેમાં તા. ૨૯-૦૮-૨૦૧૧ના રોજ Mr. Jayant Arrawatia 'How to improve Soft Skills' તથા Communication Skills, તા. ૧૯-૦૮-૨૦૧૧ના રોજ Mr. Rajeswarsingh Gadha દ્વારા 'Industrial Export' અને તા. ૧૫-૯-૨૦૧૧ના રોજ Mr. Harsh Japeeએ શેરમાર્કેટમાં થતા ઉતાર-ચઢાવ અને તેમાં રહેલાં જોખમો પ્રત્યે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યાં હતાં.

• કડી સર્વ વિશ્વવિદ્યાલય અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે આંતરપ્રેન્યરશીપ ડેવલપમેન્ટ સેલ અંતર્ગત તા. ૨૯-૯-૧૧ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજમાં સેન્ટર ફોર એન્ટરપ્રેન્યરશીપ ડેવલપમેન્ટના શ્રી હિરન્યભાઈ વ્યાસનું વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં ભારતીય અર્થતંત્રમાં ઉદ્યોગ સાહસિકની ભૂમિકા અને પડકારો અંગે શ્રી વ્યાસે વિસ્તૃત છણાવટ કરી હતી. આ વ્યાખ્યાનમાં યુનિવર્સિટી સંલગ્ન પાંચ કૉલેજોના ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

## વિશ્વ ટપાલ દિન

સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજમાં વિશ્વ ટપાલ દિન નિમિત્તે પ્રા. શ્રી મીતા એચ. પટેલ દ્વારા આયોજિત દેશ-વિદેશની બહુમૂલ્ય પોસ્ટની ટિકિટોના સંગ્રહનું પ્રદર્શન યોજાઈ ગયું, જેમાં વિશ્વમાં સર્વ પ્રથમ બહાર પાડેલ ટિકિટથી લઈને આજદિન સુધીની નાવીન્યસભર પોસ્ટટિકિટો જોઈ બહેનોએ અહોભાવની લાગણી અનુભવી હતી. પ્રત્યેક દેશની વિવિધ પોસ્ટ ટિકિટ કંઈક ને કંઈક સંદેશ વ્યક્ત કરતી હતી. પ્રારંભમાં દેશવિદેશની રહેણીકરણી, રાજકીય મહાનુભાવો, સંસ્કૃતિ, સમાજ અને કલાની વિશેષતાઓ વિશે શ્રી મીતાબેને વક્તવ્ય આપ્યું હતું.

## શિક્ષકદિન

• ૫ સપ્ટેમ્બર 'શિક્ષકદિન'ની ઉજવણી નિમિત્તે એસ. એસ. પટેલ પી.ટી.સી. કૉલેજની તાલીમાર્થી બહેનોએ શિક્ષણની જવાબદારી સ્વીકારીને વર્ગોમાં શિક્ષણકાર્ય કરાવ્યું હતું. ઈન્ટર્નશીપ માટે આવેલ એમ.એડ્.ની તાલીમાર્થી બહેનોએ શિક્ષક બનનાર તાલીમાર્થી બહેનોનું મૂલ્યાંકન કર્યું હતું અને ત્રણ· તાલીમાર્થી શ્રેષ્ઠ શિક્ષકોને ઇનામ આપી બિરદાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર ટાઉનહોલ ખાતે ગુજરાત રાજ્યનાં નામદાર રાજ્યપાલશ્રી દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોને પારિતાષિક અર્પણ કાર્યક્રમમાં કૉલેજની તાલીમાર્થી બહેનોએ સ્વયં સેવકની ભૂમિકા ભજવી હતી. કૉલેજ દ્વારા તા. ૩-૯-૨૦૧૧ના રોજ શીઘ્ર વક્તૃત્વ અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

• એસ.એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરમાં તા. ૫-૯-૨૦૧૧ના રોજ ભારતના

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી પ્રસંગે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કેટલાક તાલીમાર્થીઓ એક દિવસ માટે અધ્યાપકની ભૂમિકામાં રહી શિક્ષકદિનને સાર્થક રીતે ઊજવવામાં સફળ રહ્યા હતા. દિવસને અંતે સર્વ તાલીમાર્થીઓએ આ સંબંધી પોતાના વિચારો રજૂ કર્યા હતા.

• તા. ૫-૯-૨૦૧૧ના દિને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ કૉલેજમાં 'શિક્ષકદિન'ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ અંતર્ગત પ્રશિક્ષાર્થીઓએ સ્ટેજ પ્રોગ્રામમાં ગુરુ-શિષ્યના મહત્ત્વને પ્રદર્શિત કરતાં વક્તવ્યો, ભજનો, નાટક, અભિનય, નૃત્ય-નાટિકા તેમજ સૌ સાથે મળી જુદા જુદા પ્રકારના કોયડા-યુક્ત રમતો રમ્યાં હતાં અને જ્ઞાન સાથે ગમ્મતસભર વાતાવરણ નિર્માણ કર્યું હતું. કાર્યક્રમને અંતે ડૉ. કુસુમ યાદવે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને યાદ કરી તેમણે ચીંધેલા આદર્શો અને મૂલ્યોને સાથે રાખી આવનારી ભાવી પેઢીને આ જ રીતે આનંદપ્રદ શિક્ષણ મળે તે માટેની પ્રેરણાદાયી વાતો કરી હતી.

## સદ્ભાવના કાર્યક્રમ

એસ.એસ. પટેલ પી.ટી.સી. કૉલેજ દ્વારા તાલીમાર્થીઓમાં સામાજિક, સદ્ભાવના તથા ભાવનાત્મકતા ખીલે તેવા હેતુથી તા. ૧-૯-૨૦૧૧ના રોજ સેક્ટર–૬માં સ્થિત ક્રિશ્રા વૃદ્ધાશ્રમની મુલાકાત ગોઠવવામાં આવી હતી. તાલીમાર્થીઓએ પ્રત્યેકની વ્યક્તિગત મુલાકાત લઈ આત્મીયતાપૂર્ણ સંવાદ કેળવ્યો હતો તેમજ ભજન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત સેક્ટર–૧૩ની ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને કપડાં તથા દવાઓનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરનાં જાણીતાં સમાજસેવિકા શ્રી પ્રજ્ઞાબેન પટેલે હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## સાંસ્કૃતિક સ્પર્ધાઓ

એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, કડીની વિદ્યાર્થિનીઓ કુ. અનુશ્રી કારાણી અને કુ. પૂર્વી રાઠીએ ગુજરાત રાજ્યની એમ.બી.એ. કૉલેજોની વિદ્યાર્થીનિઓ માટે આયોજિત 'સમર પ્રોજેક્ટ કોમ્પિટિશન'માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે આ ઉપરાંત ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી દ્વારા આયોજિત યુવા મહોત્સવમાં રંગોળી સ્પર્ધામાં પ્રથમ, તથા 'સ્કીટ' અને 'કોલાજ વર્ક'માં તૃતીય સ્થાને, આર. બી. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા 'અગ્રિમ ૨૦૧૧'માં 'ટ્રેઝર હન્ટ' અને 'મિ. અને મિસ. અગ્રિમ' સ્પર્ધામાં પ્રથમ અને 'બિઝનેસ ક્વીઝ', 'લોગો ક્રિએશન', અંતાક્ષરી અને રંગોલી સ્પર્ધામાં તૃતીય સ્થાન તથા રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા 'પ્રોત્સાહન ૨૦૧૧'માં 'પ્રોડક્ટ લોન્ચ' સ્પર્ધામાં ત્રણમાંથી બે ઇનામ પ્રાપ્ત કરી ઇન્સ્ટિટ્યૂટને ગૌરવાન્વિત કરી છે.

## હિન્દી દિવસ

• પ્રશિક્ષાર્થીઓ રાષ્ટ્રભાષા હિન્દીનું મહત્ત્વ સમજે તેમજ તેના પ્રચાર-પ્રસાર માટે અભિમુખ બને તે માટે તા. ૧૪-૯-૧૧ના રોજ યુનિવર્સિટીના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં પ્રશિક્ષાર્થીઓ દ્વારા હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં પી.ટી.સી. તેમજ બી.એડ્. કૉલેજોના પ્રશિક્ષાર્થી ઉપસ્થિતિ રહ્યા હતા. આર.એચ. ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. તથા એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના પ્રશિક્ષણાર્થીઓએ સમૂહ પ્રાર્થના સભા દરમિયાન પ્રાર્થના, પ્રવચન, સુવિચાર, જાણવા જેવું, વ્યક્તિગત તેમજ સમૂહ-ગાન, નાટક, નૃત્ય તથા દોહા-ગાન જેવી પ્રવૃત્તિઓ હિન્દી ભાષામાં પ્રસ્તુત કરી હતી. હિન્દી ભાષાની ગરિમાને બરકરાર કરી બતાવવા અને તેના પ્રચાર-પ્રસાર માટે શપથ ગ્રહણ કર્યા હતા.

## શાળા વિભાગ

### કરાટે સ્પર્ધા

અમદાવાદ ખાતે યોજાયેલ રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધામાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી, કડીના વિદ્યાર્થી સૂરજ બોડાનાએ ગોલ્ડ મેડલ તથા અન્ય પાંચ વિદ્યાર્થીઓએ સર્ટિફિકેટ મેળવ્યાં, તેમજ ચેન્નઈ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાની કરાટે સ્પર્ધામાં અબ્દુલ ગોરીયાએ બ્રોન્ઝ તથા પટેલ કુશલે બ્રોન્ઝ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું.

### ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

• તા. ૩૦-૯-૨૦૧૧ના રોજ યોજાયેલ તાલુકા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શન શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, આ પૈકીની વિભાગ–૧ ‘કૃષિ અને ખાદ્યસામગ્રી’ અંતર્ગત ખારા પાણીમાં બહુહેતુક ખેતી, વિભાગ–૩ ‘સ્વાસ્થ્ય’ અંતર્ગત સામાન્ય દવાઓ અંગે જાગૃતિ અને શરીરની બિમારી દર્શાવતું મોડલ અને વિભાગ–૪, ‘પર્યાવરણીય સમસ્યાઓ અને ચિંતાઓ’ અંતર્ગત ગ્લોબલ વોર્મિંગની પર્યાવરણ પર થતી અસરો અંગેની કૃતિઓ જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શન માટે પસંદગી પામી છે. કૃતિઓ તૈયાર કરનાર વિદ્યાર્થીઓ ૧. પટેલ લય આઈ. ૨. જોષી અભિજ્ઞ આર. ૩. ભાટી આકાશ એન. ૪. પટેલ મિલવ જે. ૫. પટેલ જય એમ. અને ૬. પટેલ પર્વ એમ.

• તાજેતરમાં યોજાયેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી, કડીના વિદ્યાર્થીઓએ બનાવેલ વર્મી હોરમોન્સ પ્રોજેક્ટ રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યો. આ ઉપરાંત સિપોર ખાતે ગણિતના કોયડા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ શાળાના વાઘેલા યશ, કિરણ મહેશ્વરી અને શિક્ષિકા રૂમાના માલવીએ મેડલ મેળવેલ છે.

• GCERT તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા એસ.વી.એસ. કક્ષાનું વિજ્ઞાન ગણિત પ્રદર્શન તા. ૧૯–૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ શ્રીમતી એસ.એમ.કે. શાહ માધ્યમિક શાળા, મોટી આદરજ ખાતે યોજવામાં આવ્યું હતું. એસ.વી.એસ. કક્ષાના આ પ્રદર્શનમાં શેઠ સી. એમ હાઈસ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ અલગ અલગ પાંચ વિભાગમાં ભાગ લઈ કૃતિઓ તૈયાર કરી હતી. આ કૃતિ તૈયાર કરનાર વિદ્યાર્થીઓનાં નામ નીચે મુજબ છે : ૧. પરમાર હર્ષવર્ધન, ૨. પ્રજાપતિ દર્શન, ૩. પટેલ કુશલ, ૪. પટેલ જયશિવ, ૫. શાહ બ્રિજેશ, ૬. વાઘેલા ધર્મપાલ, ૭. પટેલ ઉજાશ, ૮. બારોટ હિતાર્થ, ૯. પરમાર જિતેન અને ૧૦. પટેલ જૈમિન. ઉપરોક્ત પાંચ વિભાગની કૃતિઓ પૈકી વિભાગ–૫ : ‘આપત્તિ વ્યવસ્થાપન’માં ‘ઈલેક્ટ્રિક બોમ્બ ડિફ્યુજર’ કૃતિની જિલ્લા કક્ષા માટે પસંદગી થયેલ છે. જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન કે. જી. હાઈસ્કૂલ ચરાડામાં યોજાયું હતું. તેમાં પરમાર જિતેન તેમજ પરમાર જૈમિને ભાગ લીધો હતો.

• તા. ૩૦-૯-૨૦૧૧ના રોજ સેક્ટર–૩૦, સરકારી પ્રા. શાળા, ગાંધીનગર શહેરનું વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાએ વિભાગ–૧ : ખેતી અને ખાદ્યસુરક્ષા, વિભાગ–૨ : ઊર્જા સ્રોત અને સંરક્ષણ, વિભાગ–૫(બી) : આપત્તિ વ્યવસ્થાપનની કૃતિઓ રજૂ કરી હતી.

## ગાંધીજયંતી

ત્રીજી ઑક્ટોબરના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી, કડી દ્વારા ગાંધીજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા નાટક, ભજન તેમજ ગાંધીજીના જીવન-આધારિત પ્રદર્શન અને સ્લાઈડ શોનું આયોજન કરવામાં આવ્યું.

## ચેસ સ્પર્ધા

વિસનગર ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી, કડીના વિદ્યાર્થી અજય પ્રજાપતિએ સમગ્ર જિલ્લામાં ત્રીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું તથા સંસ્થાનું ગૌરવ વધાર્યું.

## જન-જાગૃતિ

જિલ્લા માહિતી કચેરી દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ અંતર્ગત શેઠ સી. એમ. હાઈસ્કૂલ, ગાંધીનગર શાળામાં તા. ૨૦-૭-૨૦૧૧ના રોજ નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિજેતા વિદ્યાર્થીઓ નીચે પ્રમાણે છે : ૧. પટેલ ઉજાસ એન. ૯-બી (પ્રથમ ક્રમ), ૨. દવે નિલય કે. ૯-એ (દ્વિતીય ક્રમ), ૩. પટેલ આકાશ જે. ૮-એ (તૃતીય ક્રમ), ૪. આચાર્ય હિતિક બી. ૮-ડી (તૃતીય ક્રમ). આ વિદ્યાર્થીઓએ અનુક્રમે રૂપિયા ૫૧૧, રૂ. ૪૧૧ અને રૂ. ૩૧૧નો રોકડ પુરસ્કાર મેળવ્યો હતો.

## દિપાવલી મહોત્સવ

શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ગાંધીનગર દ્વારા પર્વાધિરાજ દિપાવલીની ઉજવણી નિમિત્તે ફેન્સી ડ્રેસ, થાલી સજાવટ, રંગોળી, વર્ગ સુશોભન, કાર્ડ બનાવવાં ભરત-ગૂંથણ, ચિત્રકળા વગેરે વિશે સ્પર્ધાઓનું આયોજન તા. ૧૫-૧૦-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા બાળકોને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

## મેડિકલમાં પ્રવેશ

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના નીચેના વિદ્યાર્થીઓએ મેડિકલમાં પ્રવેશ મેળવ્યો. ૧. પટેલ જીમી, જામનગર ૨. વેગડા દર્શિની, કરમસદ ૩. રથવી સીમા, બરોડા (ગોત્રી) ૪. લબાના સુધીર, વાઘોડિયા ૫. બેરાવત ગુંજન, વાઘોડિયા.

## રમતગમત સ્પર્ધાઓ

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના નીચેના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ યોજાયેલ રમતગમતોમાં સિદ્ધિઓ મેળવી. ૧. રાઠોડ જયરાજ અશોકસિંહ (તરણ-સ્પર્ધા, બેક સ્ટ્રોક (૫૦ મી.), પ્રથમ; તરણ સ્પર્ધા, ફ્રી સ્ટાઈલ, બીજો) ૨. ઝાલા કૃષ્ણવીરસિંહ રણવીરસિંહ (કુસ્તી, યુ–૧૯, બીજો; ઝુડો, યુ–૧૯, પ્રથમ; વેઈટ લીફટીંગ, યુ–૧૯, પ્રથમ; ટેકવેન્ડો–૯૩, યુ–૧૯, બીજો; બોકસીંગ, યુ–૧૯, બીજો; વુ–શુ, યુ–૧૯, પ્રથમ; સ્કાયમાર્શલ આર્ટ, યુ–૧૯, પ્રથમ) ૩. દેવીપૂજક ધવલ દીપકભાઈ (ટેકવેન્ડો – ૪૫, યુ–૧૯, પ્રથમ) અને ૧૧. રબારી દશરથ દાજી (ટેકવેન્ડો, યુ–૧૯, પ્રથમ). આ ઉપરાંત આ શાળાના વિદ્યાર્થીઓ ખો–ખો, વોલીબોલ અને કબડ્ડીમાં તાલુકા કક્ષાએ વિજેતા થયા હતા.

## રોલ પ્લે

તા. ૯-૯-૨૦૧૧ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર દ્વારા ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાની રાષ્ટ્રીય રોલ પ્લે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શેઠ સી. એમ હાઈસ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યું. વિજેતા વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાની રોલ પ્લે સ્પર્ધા માટે તા. ૧૭-૯-૨૦૧૧ના રોજ સુરેન્દ્રનગર ખાતે

ભાગ લીધો હતો. ભાગ લેનાર વિદ્યાર્થીઓનાં નામ મુજબ છે. ૧. દવે દેવર્ષિ બી, ૨. બારોટ હિતાર્થ એન., ૩. શાહ બ્રિજેશ એસ, ૪. પટેલ ઉજાસ એન. અને ૫. સુરાણી મોહિત બી.

## વક્તૃત્વ સ્પર્ધા

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે 'બહુરાષ્ટ્રીય કંપનીઓ : ફાયદા અને મયાર્દાઓ' વિશે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શિક્ષકદિન

• શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળામાં શિક્ષકદિનની ઉજવણી નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના વિષયો હતા : 'સ્વયમ શિસ્તથી થતા ફાયદા', 'જીવનમાં શિક્ષકનું મહત્ત્વ' તથા 'મારે શિક્ષક થવું છે, શા માટે ?' સ્પર્ધામાં પ્રથમ નંબરે મજેઠિયા સંધ્યા કે., દ્વિતીય નંબરે આયુષી બી. તથા ત્રીજા ક્રમે કેના એસ વિજેતા રહ્યાં હતાં. આ સ્પર્ધામાં ૭૮ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

• શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિર, ગાંધીનગર દ્વારા તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી, જેમાં ૨૬ બાળકોએ શાળાના આચાર્યથી વર્ગ-૪ના કર્મચારી સુધીની જવાબદારી સંભાળીને બાલમંદિરનું સરસ સંચાલન કર્યું હતું. આ ઉપરાંત બાળકોએ શિક્ષકદિન નિમિત્તે રૂ. ૩૫૧/-નો ફાળો પણ આપ્યો હતો.

• તા. ૫ સપ્ટેમ્બરના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી, કડી દ્વારા શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ધોરણ ૫થી ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ શિક્ષકની ભૂમિકા અદા કરી હતી. આ ઉપરાંત શાળા દ્વારા તા. ૨૨-૯-૨૦૧૧ના રોજ શાળામાંથી સાપુતારા, બોમ્બે, શિરડી, નાસિક અને ગોવા જેવાં સ્થળોનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

• તા. ૫-૯-૨૦૧૧ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળામાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. શાળાના ૭૫ વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની જવાબદારી સંભાળીને શિક્ષકદિનની ગરિમાને ઉજાગર કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ શિક્ષકનું 'સમાજમાં યોગદાન' વિષય પર વક્તવ્યો રજૂ કર્યાં હતાં. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## શૈક્ષણિક પ્રવાસ

શ્રીમતી એમ.બી. પટેલ કન્યા શાળા, ગાંધીનગરની ધોરણ-૪ અને ૫ની બહેનો માટે તિરુપતિ ફાર્મ તથા વાસણિયા મહાદેવ તથા ધોરણ-૬ અને ૭ની બહેનો માટે અંબાજી, આબુ અને સુંધામાતાના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૨૭૫ બહેનોએ ભાગ લીધો હતો.

**ટાઈપસેટિંગ અને મુદ્રક :** શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯

**પ્રકાશક :** કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૨૩૨૪૪૬૯૦

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર
## આયોજિત યુવક મહોત્સવનાં દૃશ્યો
















**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 1, Issue No. 5 September-October, 2011
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382015




શ્રીમતી એસ. જી. પટેલ ઇંગ્લિશ
મીડિયમ સ્કૂલ, ગાંધીનગર દ્વારા
દિપાવલી નિમિત્તે આયોજિત
ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું દૃશ્ય



શ્રી વી. એસ. પટેલ કુમાર બાલમંદિર,
ગાંધીનગર દ્વારા આયોજિત
શિક્ષકદિનની ઉજવણીનું દૃશ્ય

